

તારા પ્રભુને તું દૂર ન દેખ. તું પ્રભુ છો ને! તું તને તારામાં પ્રભુ તરીકે સ્થાપ. તારો પ્રભુ તારાથી દૂર નથી.

—પરમ પૂજ્ય ગુરુદેવશ્રી

કહાન સંવત–૫ [૪૯૫] * આત્મધર્મ * [અંક–૭ વર્ષ–૪૧] જાન્યુઆરી ૧૯૮૫

પધારો આનંદકારી મહોત્સવ!! જરૂર પધારો!!!

પરમ પૂજ્ય કહાનગુરુની તપોભૂમિ સુવર્ણપુરીમાં

# શ્રી પંચમેરુ-નંદીશ્વર-જિનબિંબ-પ્રતિષ્ઠામહોત્સવ

યોગેશ—જિનેશ! આજે સવારે રમવા કેમ નહોતો આવ્યો?

જિનેશ—પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની સાધનાભૂમિ સોનગઢથી નિયમિત પ્રકાશિત થતું ગુજરાતી તેમ જ હિન્દી 'આત્મધર્મ' પપ્પાજી વાંચતા હતા, અને આગામી ફેબ્રુઆરી માસનું છેલ્લું અઠવાડિયું સોનગઢ રહેવા માટે સર્વિસમાંથી રજા લેવાની મમ્મી સાથે વિચારણા કરતા હતા. તેમની રસમય ચર્ચા સાંભળવા હું રોકાઈ ગયો હતો.

યોગેશ—શું કાંઈ નવીન સમાચાર છે?

જિનેશ—યોગેશ! હા, હા; પરમ પૂજ્ય કહાનગુરુના પુનિત પ્રતાપે અધ્યાત્મ-તીર્થધામ સુવર્ણપુરીમાં નવનિર્મિત, પશ્ચિમ ભારતમાં અદ્વિતીય સંગેમરમર-રચિત, અતિ ભવ્ય એવા 'શ્રી પંચમેરુ-નંદીશ્વર (બાવન) જિનાલય'નો પંચકલ્યાકવિધિપુરઃસર શ્રી જિનબિંબ-પ્રતિષ્ઠામહોત્સવ, જિનેન્દ્રમહિમા પ્રકાશક અધ્યાત્મમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજી-સ્વામીના સાતિશય પ્રભાવના-ઉદયે તથા પરમ પૂજ્ય ગુરુદેવના પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની મંગલમય છત્રછાયામાં, અતિ આનંદોલ્લાસપૂર્વક ઊજવવાનો શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટે નિર્ણય કર્યો છે.

યોગેશ—ભાઈ જિનેશ! પ્રતિષ્ઠામહોત્સવની તિથિ-તારીખ કઈ છે? ઘરે જઈને પપ્પાજી તેમ જ મમ્મીને વાત કરીશ. અમે પણ તમારી સાથે સોનગઢ જઈશું.

જિનેશ—આ મંગલ પ્રતિષ્ઠામહોત્સવ વિ. સં. ૨૦૪૧, ફાગણ સુદ ૧, બુધવાર, તા. ૨૦-૨-૮૫ થી ફાગણ સુદ ૭, બુધવાર, તા. ૨૭-૨-૮૫ એમ આઠ દિવસ ચાલશે.

યોગેશ—બીજા કોઈ વિશેષ સમાચાર છે?

[ અનુસંધાન પાનું ૩૧ ]

કહાન
સંવત-૫
વર્ષ-૪૧
અંક-૭
[ ૪૯૫ ]




વીર
સંવત
૨૫૧૧
A.D. 1985
JAN.

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

## કહાન ગુરુ પ્રસાદ

* શ્રોતા :—આત્માનું માહાત્મ્ય તો આવે છે, તો તેને રુચિ કેમ ન કહેવાય?

પૂજ્ય ગુરુદેવશ્રી :—વિકલ્પ સહિત સાધારણ મહિમા આવે તે મહિમા ન કહેવાય. અંદરથી ક્યાં રુચે છે? અંદરથી રુચે તો વીર્ય ઉછળે; એ ક્યાં ઉછળે છે? સાધારણ ધારણા અને માહાત્મ્ય તો અનંતી વાર આવ્યા, પણ ખરેખર માહાત્મ્ય આવવું જોઈએ. બાકી જ એ રહી ગયું છે ને! પહેલાં સ્વભાવનું માહાત્મ્ય આવે છે અને પછી માહાત્મ્યની ઉગ્રતા થતાં એકાગ્રતા થાય છે.

* એક સમયનો વિકૃતભાવ છે, એનાથી રહિત આખી ચીજ પડી છે. વિકૃતભાવ વસ્તુમાં નથી એવો યથાર્થ નિર્ણય કર્યો એટલે બસ, એ છૂટી ગયો! વિકૃતભાવથી ભેદ પાડવો; બસ એ કરવાનું છે બીજું તો બધું જુદું જ છે.

* જીવથી અજીવ ભિન્ન છે તેમ વિકારથી સ્વભાવ ભિન્ન છે. જીવ અજીવના એ ભેદ પાડીએ તો વિકાર અજીવમાં જાય છે. સ્વ-પરમાં સંવર-નિર્જરા-મોક્ષ જીવમાં અભેદ થાય છે ને આસ્રવ-બંધ-પુણ્ય-પાપ અજીવમાં અભેદ થાય છે. બીજી રીતે કહીએ તો ધ્રુવ ચૈતન્યસ્વભાવ એ જ નિશ્ચયજીવ છે અને ઉત્પાદ-વ્યય તે વ્યવહારજીવ છે.

* જ્યાં વ્યવહારમાં પુણ્ય-પાપનો ભેદ કહ્યો ત્યાં અજ્ઞાની ખુશી થઈ જાય છે કે હાં, પુણ્યનો આદર આવ્યો તો ખરો! અરે! પુણ્યભાવ આવે છે એનો એ કાળે જ જ્ઞાનીને ખેદ છે. સ્વરૂપમાંથી બહાર નીકળતાં શુભભાવ હોય છે પણ એનો ખેદ થાય છે, હોંશ શેની હોય!!

—પરમ પૂજ્ય ગુરુદેવશ્રી

# કોઈ જાતની પ્રવૃત્તિમાં ઊભા રહેવું તે આત્માનો સ્વભાવ નથી

[ 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પ. પૂ. ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

કોઈ જાતની પ્રવૃત્તિમાં ઊભા રહેવું તે આત્માનો સ્વભાવ નથી. એક આત્મામાં જ રહેવું તે હિતકારી, કલ્યાણકારી અને સર્વસ્વ છે. ૨૫૯.

**'કોઈ જાતની પ્રવૃત્તિમાં ઊભા રહેવું તે આત્માનો સ્વભાવ નથી.**

શું કહે છે? આત્માર્થના કામ સિવાય સંસારના કોઈપણ કામમાં—સ્ત્રી-પુત્ર-પરિવાર કે દેવ-શાસ્ત્ર-ગુરુ સંબંધી કામમાં અથવા તો બીજી કોઈપણ જાતની પ્રવૃત્તિમાં—ઊભા રહેવું, રોકાઈ રહેવું તે આત્માનો સ્વભાવ નથી.

પ્રશ્ન:—દેવ-શાસ્ત્ર-ગુરુ સંબંધી પ્રવૃત્તિને તો ધર્માનુરાગ કહેવાય છે ને?

ઉત્તર:—ધર્માનુરાગ પણ શુભભાવ છે, પ્રશસ્ત રાગ છે. જ્ઞાનીને પણ શુભ રાગ આવે ખરો, પરંતુ અશુભ કે શુભ કોઈપણ જાતના રાગમાં ઊભા રહેવું તે, આત્માનો સ્વભાવ નથી, આત્માનો સ્વભાવ પ્રવૃત્તિ નહિ પણ નિવૃત્તિમય છે, રાગ નહિ પણ અરાગ—વીતરાગ છે. જેને દયા, દાન, પૂજા, ભક્તિ, વ્રત અને તપ વગેરે ભાવોનો પ્રેમ છે તેને અરાગસ્વરૂપ ભગવાન જ્ઞાયક આત્માનો પ્રેમ નથી. આકરી વાત છે ભાઈ! એક મ્યાનમાં બે તલવાર સાથે રહી શકે નહિ, તેમ રાગનો અને વીતરાગ તત્ત્વનો પ્રેમ એક સાથે રહી શકે નહિ. જેણે શુભાશુભ ભાવને ઉપાદેય માન્યા, ઠીક છે એમ માન્યા, તેણે ભગવાન આત્માને હેય માન્યો છે.

અહા! ભગવાન આત્મામાં તો જ્ઞાન, આનંદ આદિ અનંત ગુણોના ઓરડા ભર્યા છે. શું કહ્યું? આ જ્ઞાનસ્વરૂપ આત્મા અંદર અપાર ને અદ્ભુત સંપત્તિથી ભરપૂર છે. તે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપ છે, તેથી તે કાયમ ટકીને પલટે છે. તે હરસમયે નવી નવી અવસ્થાએ ઊપજે છે, જૂની જૂની અવસ્થાએ વિલય પામે છે અને ધ્રૌવ્યરૂપે કાયમ ટકે છે. તે શક્તિસ્વભાવે નિત્ય રહીને પર્યાય-અપેક્ષાએ પલટે છે. તેનું નિત્ય સ્થાયી ધ્રૌવ્યસ્વરૂપ ખાલી નથી, પણ અનંત ગુણવૈભવથી ભરપૂર ભરેલું છે. પ્રભુ! તું તારા અનુપમ વૈભવયુક્ત શાશ્વત સ્વરૂપ પર નજર કર તો તને ખાતરી તેમજ

સંતોષ થશે કે 'હું તો સદા કૃતકૃત્ય છું.' તેમાં રમણતા કરવાથી તું વ્યક્ત અવસ્થામાં પણ કૃતકૃત્ય થઈ જઈશ. અહા! આવી વાતો! સામાયિક, પ્રતિક્રમણ વગેરે બહારની ક્રિયાઓ કરતાં કરતાં કલ્યાણ થઈ જશે—એમ માનનાર ક્રિયાકાંડીઓને આ વાત આકરી લાગે; પણ ભાઈ! આત્માના યથાર્થ ભાન વિના સામાયિક ને પ્રતિક્રમણ વગેરે તું લાવ્યો ક્યાંથી? આત્માના અનુભવ વિના તેનાથી ધૂળેય ધર્મ થતો નથી.

ભગવાન જ્ઞાયક આત્માનું નિત્ય સ્થાયી સ્વરૂપ ખાલી નથી પણ ગુણઋદ્ધિથી ભરપૂર છે. 'ખાલી નથી' તે નાસ્તિથી કહ્યું અને 'ગુણઋદ્ધિથી ભરપૂર છે' તે અસ્તિથી કહ્યું છે. જેમ સાકરમાં ગળપણ ભરપૂર ભરેલું છે તેમ જ્ઞાયક પ્રભુના નિત્ય સ્થાયી સ્વરૂપમાં અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત શાન્તિ, અનંત સ્વચ્છતા, અનંત પ્રભુત્વ, અનંત ઈશ્વરતા વગેરે અનંત અનંત શક્તિઓ અંદર ભરપૂર ભરેલી છે. અરેરે! જીવોને પોતાના અંદરના નિધાનનો પત્તો નહિ ને બહારની કડાકૂટમાં ધર્મ માનીને તેઓ બિચારા સલવાઈ ગયા. અત્યારે તો તત્ત્વની વાત જ આખી ગુમ થઈ ગઈ છે. જીવ બહારમાંથી નવરો જ થતો નથી. રોજના બાવીસ કલાક બાયડી છોકરાં ને ધંધામાં, ખાવા-પીવામાં અને ઊંઘમાં જાય; માંડ કલાક-બે કલાક બચે અને કયારેક ધર્મનું સાંભળવા જાય ત્યાં તેને 'આ કરો ને તે કરો, પૂજા કરો ને ભક્તિ કરો, દાન કરો ને ઉપવાસાદિ તપ કરો; તેનાથી તમારું કલ્યાણ થશે'– એવું ઊંધું સાંભળવાનું મળે. ભાઈ! એ બધી તો રાગની ક્રિયા છે, ને રાગનું 'કરવું' તે તો 'મરવું' છે. રાગથી તો આત્માનું ભાવમરણ થાય છે. તે તો સંસારમાં પરિભ્રમણનું કારણ છે. તેનાથી કલ્યાણ કેમ થાય?

ભગવાન આત્મા અસંખ્યપ્રદેશી અમૂર્ત દ્રવ્ય છે; તેમાં ગુણરત્નોના અનંત ઓરડા ભર્યા છે. જેમ હજાર કડીની સોનાની સાંકળી બાળકના ગળામાં પહેરાવી હોય તો વધુ સરા થાય અને મોટાના ગળામાં ઓછા સરા થાય, તેમ જ્ઞાનમૂર્તિ ભગવાન આત્મા, જે શરીર પ્રમાણ રહે છે તે, હજાર યોજન જેવડા મહામચ્છના શરીરમાં હોય ત્યારે તેના લોકપ્રમાણ અસંખ્ય પ્રદેશો ઓછા સંકેલાયેલા છે અને કીડીના શરીરમાં હોય ત્યારે તેના પ્રદેશો વધુ સંકેલાયેલા હોય છે, તેથી કીડીની દશામાં તેનું કદ નાનું થઈ જાય છે. જરા ઝીણી વાત છે ભાઈ! તે બધાય પ્રદેશોમાં અનંત ગુણરત્નના ઓરડા ભર્યા છે. અહા! પોતાને પામર માની બેઠો ત્યાં પ્રભુતાની પ્રતીતિ કેમ થાય? પ્રભુ! અદ્‌ભુત ચૈતન્ય-સમૃદ્ધિથી ભરચક એવા તારા સ્થાયી સ્વરૂપ પર દૃષ્ટિ દે, ઊંડો ઊતરીને તેના પર ગંભીરતાથી નજર કર તો તને તારી પ્રભુતાનો અંદરથી વિશ્વાસ આવશે અને કોઈ અપૂર્વ અતીન્દ્રિય આનંદની અનુભૂતિ

થશે. તને અંદરથી એમ લાગશે કે 'હું તો સ્વભાવે સદા કૃતકૃત્ય છું,' અને અંદર આ મારા પ્રભુત્વસ્વરૂપમાં સ્થિર થાઉં તો તો પર્યાયમાં કૃતકૃત્ય થઈ જઈશ.

અહીં તો એ ચાલે છે કે બહારની કોઈપણ પ્રવૃત્તિમાં ઊભા રહેવું તે આત્માનો સ્વભાવ નથી. મંદિર બનાવવાં, પાઠશાળા ચલાવવી, હસ્પિતાલ બનાવવી, પૈસાના ખરડા કરવા વગેરે પ્રવૃત્તિઓમાં રોકાવું તે આત્માનું કામ નથી. આત્માનો સ્વભાવ તો જ્ઞાતાદૃષ્ટાપણું છે; બહારના કાર્યમાં જોડાવું એ તો વિકારી ભાવ છે. અજ્ઞાનીને તો જરા પાંચ-પચીસ લાખનો ખરડો થાય ત્યાં 'અમે તો શું ય કર્યું'? એમ પરના કર્તાપણાનું અભિમાન થઈ જાય. ભાઈ! એણે કાંઈ ધૂળેય કર્યું નથી. ઊલટું અભિમાનનું પાપ બાંધ્યું છે.

પ્રશ્ન :—એણે શુભ કાર્ય તો કર્યું ને?

ઉત્તર :–શું કાર્ય કર્યું છે? કર્તાપણાનું અભિમાન કર્યું છે. કદાચ શુભરાગ કર્યો હોય તો તે પણ નિશ્ચયથી તો પાપ જ છે, તે આત્માનો પવિત્ર સ્વભાવ નથી. શ્રી યોગીન્દુદેવે કહ્યું છે:

પાપરૂપને પાપ તો જાણે જગ સહુ કોઈ;
પુણ્યતત્ત્વ પણ પાપ છે, કહે અનુભવી બુધ કોઈ.

શુભભાવમાં આવવાથી નિર્વિકલ્પ સમાધિમાંથી—સ્વરૂપમાંથી—પતન થાય છે માટે પરમાર્થે તે પણ પાપ છે. આકરી વાત છે ભાઈ! સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા જ્ઞાન ને આનંદ આદિ નિજ ગુણોથી ઠસોઠસ ભરેલો છે. તે તો કેવળ જ્ઞાતા—પરનો અકર્તા છે. શુભ હો કે અશુભ હો—કોઈપણ કામમાં જોડાવું તે આત્માનો સ્વભાવ નથી.

પ્રશ્ન :–શુભ કામમાં જોડાય તો ધીમે ધીમે શુદ્ધતા આવશે ને?

ઉત્તર :—શુદ્ધતા તો અંદર સ્વભાવમાં પડી છે. શું બહારનાં શુભ કામમાં જોડાવાથી શુદ્ધતા આવે છે?—કદી નહિ; અંદર જ્ઞાયકસ્વભાવનું આલંબન લેવાથી પર્યાયમાં શુદ્ધતા પ્રગટે છે ને તે સ્વભાવનું વિશેષ આલંબન લેવાથી શુદ્ધતા વધે છે.

પત્ર માટે એકાદ લેખ તો લખી આપવો પડશે. પાઠશાળા તમારા નામની બનાવવી છે તો તેના માટે સારી રકમ ભેગી કરી આપવી પડશે વગેરે કોઈપણ પ્રવૃત્તિમાં ઊભા રહેવું તે આત્માનું કામ નહિ. અરે ભાઈ! જગતના કાર્ય તો સ્વયં તેનાથી થાય છે, તેના કર્તાપણાની તને હોંશ કેમ આવે છે? મેં ધ્યાન રાખ્યું તેથી તે કામ થયું, હું એ કામમાં પડયો તો થયું, નહિંતર થાત નહિ. રહેવા દે ભાઈ!

એ કર્તાપણાનાં મિથ્યા અભિમાન. મિથ્યાત્વનાં અભિમાન એ તો મહા પાપ છે. પં. બનારસીદાસજીએ કહ્યું છે :—

કરૈ કરમ સોઈ કરતારા, જો જાનૈ સો જાનનહારા;
જો કરતા નહિ જાનૈ સોઈ, જાનૈ સો કરતા નહિ હોઈ.

બહારની ક્રિયા એક જેવી દેખવા છતાં અજ્ઞાની અને જ્ઞાનીના અંતર અભિપ્રાયમાં તથા પરિણામમાં મોટો તફાવત છે. પરનાં કામ થતાં હોય ત્યાં અજ્ઞાની 'હું તેમને કરું છું' એવા પરના કર્તાપણાનાં અહંકારમય અભિમાનને લીધે નિરંતર અબંધ જ રહે છે. માટે અંતર જ્ઞાનપરિણતિ સિવાય બીજી કોઈ જાતની પ્રવૃત્તિમાં જોડાવું તે આત્માનો સ્વભાવ નથી.

**એક આત્મામાં જ રહેવું તે હિતકારી, કલ્યાણકારી અને સર્વસ્વ છે.**

અતીન્દ્રિય આનંદના નાથ એવા નિજ ચૈતન્ય જ્ઞાયકદેવમાં, તેની યથાર્થ શ્રદ્ધા, જ્ઞાન ને સ્વાનુભૂતિ કરી, ઠરી જવું તે એક જ હિતકારી કાર્ય છે.

કેટલાકને એમ લાગે છે કે સોનગઢવાળા નિશ્ચયની વાતો કરે છે પણ ત્યાગ કે વ્રતાદિ કરવાનું કહેતા નથી. ભાઈ! ત્યાગ ને વ્રતાદિ કોને કહેવા એ તને ખબર છે? આત્માનું યથાર્થ સ્વરૂપ સમજીને સ્વાનુભવ થતાં વિપરીત શ્રદ્ધાના જે અનંત પ્રકારોનો ત્યાગ તે શું કાંઈ ત્યાગ જ નથી? ત્યાગના સાચા સ્વરૂપની તને ખબર નથી. અજ્ઞાનીને મિથ્યાત્વના ત્યાગની કોઈ કિંમત નથી. બહારમાં બાયડી-છોકરાં છોડે તેને તે ત્યાગ માને છે. આત્માની સમજણ વગર ભાઈ! એ તો ખરેખર ત્યાગ નથી. જ્યાં સુધી હજુ અંદરમાં 'હું પરનું કરી શકું છું', પરનાં ગ્રહણ—ત્યાગ કરી શકું છું, પરને જિવાડી શકું છું, પરને સુખી કરી શકું છું, કુટુંબની રક્ષા કરી શકું છું, પત્નીનો પતિ છું' એવા પરના કર્તાપણાના ને સ્વામીપણાના પાખંડમય ભાવ છે ત્યાં સુધી તે અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ છે. મિથ્યાદૃષ્ટિને ત્યાગ કેવો? ભાઈ! પરપદાર્થ તો તેં ગ્રહ્યો નથી, પણ અંદરમાં જે શુભાશુભ રાગવૃત્તિ થાય તે પણ તારી ચીજ નથી. અંદર અતીન્દ્રિય જ્ઞાન ને આનંદથી ભરપૂર જે આત્મસ્વભાવ તે જ તારી ચીજ છે. આત્મસ્વભાવનું અંદર શ્રદ્ધા, જ્ઞાન ને સ્વાનુભવભાવે આલંબન લેતાં અશુભ તેમ જ શુભ વિભાવનો ત્યાગ થવાથી તે વિભાવના નિમિત્તભૂત પરપદાર્થનો જે સંબંધ છૂટી જયો તેને વ્યવહારથી પરવસ્તુનો ત્યાગ કહેવામાં આવે છે.

અરેરે! દુનિયા ક્યાં પડી છે! એ તો ધર્મને બહાને પણ પાપને—મિથ્યાત્વને સેવે છે. અહીં બેન કહે છે : એક આત્મામાં રહેવું તે જ હિતકારી, કલ્યાણકારી અને સર્વસ્વ છે. એક આત્મા સિવાય બીજા બધા કાયમાં—બે કલાક ઉપદેશ આપવો,

સંસ્થાનું ધ્યાન રાખવું, થડે એસી વેપાર કરવો, દીકરા-દીકરી જુવાન થઈ ગયાં હોય તેને ઠેકાણે પાડવાં વગેરેમાં—ઊભા રહેવું તે આત્માનો સ્વભાવ નથી; એક જ્ઞાયક પ્રભુમાં દૃષ્ટિ લગાવીને તેમાં જ રહી જવું એ જ કરવા જેવું છે. વ્યવહારના રસિયાને આ અંતર્ સ્વસન્મુખ થવાની વાત કઠણ લાગે. ભાઈ! એનો અભ્યાસ નથી માટે કઠણ લાગે. બાકી તો અંતરની ચીજ—પોતાની વસ્તુ—હોવાથી સરળ છે. અંદર જે છે તેની પ્રાપ્તિ—પ્રાપ્તની પ્રાપ્તિ કરવાની છે, તે કઠણ કેમ હોય? પર અને રાગ કે જે આત્માના સ્વભાવમાં નથી તેને જો પોતાના કરવા હોય તો તે બની શકે નહિ; પરંતુ આનંદકંદ ભગવાન આત્મા જે અંદરમાં સદા પ્રાપ્ત છે—જાગતો જીવ સદા ઊભો છે—તેને દૃષ્ટિમાં પ્રાપ્ત કરવો એ તો સરળ છે, પોતાના હાથની વાત છે. બાપુ! આ તો અંદરની ચીજ છે; આ કોઈ પંડિતાઈની ચીજ નથી કે જે બહારથી મળી જાય.

જ્ઞાન ને આનંદસ્વરૂપ ભગવાન જ્ઞાયક આત્મામાં રહેવું એ જ સર્વસ્વ છે, એ જ કલ્યાણકારી ને હિતરૂપ છે. અહા! એનની ભાષા તો સાદી છે, પણ ભાવ ઘણા ઊંડા છે. વસ્તુસ્થિતિ આ જ છે.

—o—

## * જ્ઞાયકભાવ શુભાશુભ ભાવરૂપે થયો જ નથી *

જ્ઞાયકભાવ છે તે શુભાશુભ ભાવરૂપે થયો જ નથી. શુભાશુભ ભાવ એ તો અચેતન છે, જડ છે, તે રૂપે થાય તો જ્ઞાયકભાવ જડ થઈ જાય. આત્મા ચૈતન્ય જ્ઞાયક ભાવરૂપે હોવાથી શુભાશુભ ભાવરૂપે થતો નથી, તેથી અપ્રમત્ત-પ્રમત્તના ભેદો તે જ્ઞાયકભાવમાં નથી. જ્ઞાયકભાવ તો એક રસરૂપ ચૈતન્યરસરૂપે જ રહ્યો છે, શુભાશુભ ભાવના અચેતનરસરૂપે થયો જ નથી. જ્ઞાયકભાવ ચૈતન્યના પૂરનો ધ્રુવ પ્રવાહ છે, એ જ દૃષ્ટિનો વિષય છે. તેમાં પુણ્ય-પાપના ભાવ છે જ નહિ, અપ્રમત્ત-પ્રમત્ત ગુણસ્થાનના ભેદ કે પર્યાય ભેદ તેમાં નથી. પણ એ તને જણાય ક્યારે?—કે તું પરદ્રવ્યના ભાવથી ભિન્ન પડી જ્ઞાયકભાવ સન્મુખ થા ત્યારે શુદ્ધતાનો અનુભવ થાય છે ત્યારે આ આત્મા શુદ્ધ જ્ઞાયક જ છે એમ ખરેખર જાણ્યું છે. તારી પર્યાયમાં ચૈતન્ય જ્ઞાયકભાવનો આદર થાય, સેવા થાય, સન્માન થાય, ચમત્કારીકતા લાગે, અધિકતા આવે ત્યારે પરદ્રવ્યનો સત્કાર, સન્માન, આદર, ચમત્કારીકતા છૂટી જાય અને ત્યારે આ આત્મા શુદ્ધ જ્ઞાયક જ છે તેમ જાણવામાં આવે છે.

—પરમ પૂજ્ય ગુરુદેવશ્રી

જિનશાસનમાં બતાવેલ

# નજીકમાં નજીકના વ્યવહારનું સ્વરૂપ

[ શ્રી યોગસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

( સળંગ પ્ર. નં. ૨૮ )

યોગસાર એ આગમનો સાર છે. જેને આત્માનું હિત કરવું હોય તેણે ક્યાં જોડાણ કરવું અને ક્યાંથી ખસવું તેની આમાં મુદ્દાની વાત છે.

રાગ-દ્વેષાદિથી ખસી પોતાના પૂર્ણસ્વરૂપ ઉપર દૃષ્ટિ દેતાં આત્માનું હિત એટલે કે સમ્યગ્દર્શનના જ્ઞાન-ચારિત્ર પ્રગટ થાય છે. અહીં ૭૬મી ગાથામાં આત્માના ગુણોની ભાવના કરવાનું કહે છે. જો કે પોતાના પૂર્ણસ્વરૂપમાં જ લીન થવાનું છે પરંતુ જ્યાં સુધી તેમાં પૂર્ણપણે લીન ન થઈ શકે ત્યાં સુધી તેના જુદા-જુદા ગુણોના વિચાર કરવા એમ અહીં કહે છે.

બે, ત્રણ, ચાર ને પાંચ, છ, સાત, પાંચ ને ચાર;
નવ ગુણયુત પરમાતમા, કર તું એ નિર્ધાર. ૭૬.

અનંત ગુણનું એકરૂપ આત્મસ્વરૂપ છે તેનું લક્ષ કરીને તેમાં સ્થિર થવું તે નિશ્ચય છે અને તેમાં સ્થિર થવા પહેલાં પોતાના વિવિધ ગુણોનો વિચાર કરવો તે વ્યવહાર છે. નજીકનો વ્યવહાર આ છે. દેવ-શાસ્ત્ર-ગુરુ આદિની ભક્તિનો વ્યવહાર તે બહારનો દૂરનો વ્યવહાર છે-પોતાના ગુણોનો વિચાર કરવો તે નજીકમાં નજીકનો વ્યવહાર છે.

આનંદસ્વરૂપ, વીતરાગસ્વરૂપ, અનંત ગુણના ગોદામ સ્વરૂપ આત્માને જ્ઞાયકરૂપે ભાવવો-એકરૂપે ભાવવો તે ધર્મ કરનારનું મુખ્ય કર્તવ્ય છે પણ તેમાં સ્થિર ન થઈ શકે ત્યારે ધર્મી બે, ત્રણ, ચાર એમ વિવિધ પ્રકારે આત્માના ગુણોનો વિચાર કરે છે, ભાવના કરે છે. તે વ્યવહાર છે. આ યોગસારનો વ્યવહાર પણ જુદી જાતનો છે. ટૂંકામાં બહુ સરસ વાત કરી છે.

મોક્ષાર્થી જીવ જ્યારે એક જ્ઞાયકસ્વભાવમાં સ્થિર ન થઈ શકે ત્યારે વ્યવહારનયથી આત્મા ગુણ-પર્યાયવાળો છે એમ વિચાર કરે છે. જાણનાર-દેખનાર આત્મા પોતાના મૂળ સ્વરૂપને જાણીને તેમાં ઠરે એ તો એનું મુખ્ય કર્તવ્ય છે પણ પોતાના પુરુષાર્થની કમજોરીને કારણે સ્વભાવમાં ઠરી ન શકે તો મારો આત્મા જ્ઞાનસ્વરૂપ છે, આનંદસ્વરૂપ

છે, સુખસ્વરૂપ છે, વીર્ય, સ્વચ્છત્વ, પ્રભુત્વ આદિ અનંત શક્તિસ્વરૂપે મારો આત્મા બિરાજી રહ્યો છે એવો વિચાર કરે તે વ્યવહાર છે.

આત્મા અનંતગુણવાળો છે તો તેની પર્યાય પણ અનંત છે એમ એકરૂપ આત્માને ગુણ અને પર્યાય એમ બેરૂપે વિચારવો તે વ્યવહાર છે. એકડે એક અને બગડે બે. બેપણાના વિચારમાં વિકલ્પ ઉભો થયો—વ્યવહાર ઉભો થયો પણ એકસ્વરૂપમાં ઠરી ન શકે ત્યારે અનેકસ્વરૂપે પોતાના આત્માને ભાવવો એમ અહીં કહેવું છે પણ ભેદ પડયો તે યોગસાર નથી.

પ્રભુ! આ તો એકલાં માખણની વાત છે આત્માનું વિકલ્પપૂર્વક ઘોલન કરતાં જે વ્યવહાર ઉભો થાય છે તેની અહીં વાત છે.

ભગવાન આત્મા દર્શન-જ્ઞાનસ્વરૂપ છે એ રીતે પણ બેરૂપે આત્માનો વિચાર થઈ શકે છે. ધર્મી જીવ આખા લોકમાં દરેકને જાણે દેખે પણ ક્યાંય મારાપણું કરતો નથી. સ્વ-પરને જાણવાના સ્વભાવને હું ધરનાર છું એવો વિકલ્પ ધર્મીને આવે છે એ વ્યવહાર છે આ વીતરાગનો વ્યવહાર છે. છતાં તે પણ બંધનું કારણ છે માટે તેવા વિચારમાં ધર્મીને હોંશ નથી આવતી. ખેદ થાય છે કે આવો વ્યવહાર વચ્ચે આવે છે. તે મારા પુરુષાર્થની નબળાઈ છે.

ભાઈ! પરમેશ્વરના પંથ તો કોઈ અલૌકિક છે. દરેક આત્મા પોતે પરમેશ્વર છે. પરમ ઈશ્વરતા-મોટપનો પુંજ છે. તેમાં પણ એક ગુણે ઈશ્વર નથી. દરેક ગુણે કરીને આત્મા અનંતી ઈશ્વરશક્તિનો પિંડ છે, એક એક ગુણ તો ઈશ્વર ખરાં પણ તેની એકે એક પર્યાય પણ ઈશ્વરવાન છે એવા અનંત ગુણ-પર્યાયોની ઈશ્વરતાનો પુંજ આત્મા એક છે.

આત્મા પોતે પરમેશ્વર અને ત્રિલોકનાથ પરમેશ્વર સર્વજ્ઞ દેવે બતાવેલો આ પંથ! તે તો અલૌકિક જ હોય ને! લૌકિકની સાથે તેનો મેળ ન ખાય. દુનિયાથી જુદી જાતનો-અતડો આ પરમેશ્વરપંથ છે. અતડો એટલે તેને બીજા કોઈ સાથે મેળ ખાય નહિ તેવો આ માર્ગ છે.

ધર્મીજીવ 'ઉત્પાદ-વ્યય-ધ્રુવ' એમ ત્રણ પ્રકારે પણ આત્માનો વિચાર કરે છે. જેને આત્માની દૃષ્ટિ અને અનુભવ થઈ ગયો છે તે પણ આવા વિચાર કરે છે અને જેને દૃષ્ટિ અને અનુભવ પ્રગટ કરવા છે તે પણ અનુભવ પહેલાં આ જાતનાં જ વિચાર કરે છે. આત્મા ધ્રુવરૂપે કાયમ ટકે છે. ઉત્પાદરૂપે નવી પર્યાય થાય છે અને વ્યયરૂપે તેનો અનુભવ થાય છે એવો ઉત્પાદ-વ્યય-ધ્રુવસ્વરૂપ આત્મા છે. ભગવાન

આત્માને ત્રણપણે ભાવવો એ પણ વ્યવહાર છે. સમયસારની આઠમી ગાથા અનુસાર 'વ્યવહાર' પણ ઉપદેશ આપનાર કે લેનાર કોઈને પણ અનુસરવાયોગ્ય નથી. ઉત્પાદ અને વ્યયરૂપે નિરંતર પલટો ખાતાં છતાં વસ્તુ ધ્રુવ છે. તે અનુસરવાયોગ્ય છે. ભગવાનની ભક્તિનો વ્યવહાર તો સ્થૂળ છે, તે બહાર રહી જાય છે. અહીં તો એક આત્માને ત્રણરૂપે વિચારવો તે પણ વ્યવહાર છે, વિકલ્પ છે, અનુસરવાયોગ્ય નથી.

સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર સ્વરૂપ આત્મા છે એમ પણ ત્રણ ભેદે આત્માનું સ્વરૂપ વિચારી શકાય છે અને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યગ્ચારિત્ર અને પરમાનંદની ઉગ્ર વીતરાગદશા–સમ્યક્તપ આ ચાર આરાધના સ્વરૂપે પણ આત્માનો વિચાર ધર્મી કરે છે.

પ્રભુ! તારા ઘરમાં ઘર્યા વિના તારો છુટકો નથી. આવા ભેદ વિચારવા એ પણ બહાર નીકળવું છે.

અનંત દર્શન, અનંત જ્ઞાન, અનંત સુખ અને અનંત વીર્ય આ ચાર અનંત ચતુષ્ટયથી પણ આત્માનું સ્વરૂપ વિચારી શકાય છે. પણ અભેદ એક સ્વરૂપને ચારરૂપે વિચારવો તે વ્યવહાર છે. એ વ્યવહાર આવે ભલે, પણ તેની હોંશ કરવા જેવી નથી. સમ્યક્દર્શન થયા પછી સર્વજ્ઞદશા તુરત જ પ્રગટતી નથી. તેથી સર્વજ્ઞ ન થાય ત્યાં સુધી ધર્મીને વચ્ચે આવો વ્યવહાર આવ્યા વગર રહેતો નથી.

ચૈતન્ય ભગવાન આત્મા આનંદ, બોધ, ચૈતન્ય અને હોવાપણું એવા ચારપ્રાણને ધરનારો છે. શરીર, વાણી, કર્મ આદિને તો વ્યવહારથી પણ આત્મા ધરતો નથી.

આત્મા પોતાના દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવનો સ્વામી છે. અન્યદ્રવ્યના દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવનો સ્વામી નથી; અખંડ એકરૂપ આત્મદ્રવ્યની શ્રદ્ધા–જ્ઞાન અને રમણતા તે જ સાક્ષાત્ મોક્ષમાર્ગ છે. તેમાં હું શાંત...શાંત ઉપશમરસનો કંદ છું—એવો વિકલ્પ ઉઠાવવો તે પણ ભેદ હોવાથી વ્યવહાર છે.

પાંચભાવ સ્વરૂપે આત્માનો વિચાર કરવામાં આવે તો આત્મા અનંત જ્ઞાન, અનંત દર્શન, ક્ષાયિક સમકિત, ક્ષાયિક ચારિત્ર અને અનંત વીર્ય સ્વરૂપે છે અથવા તો ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક અને પરમ પારિણામિકભાવ એ પાંચ સ્વરૂપે આત્મા છે. ઉપશમ સમકિત અને ઉપશમ ચારિત્રરૂપે થવાની આત્મામાં શક્તિ છે, ક્ષયોપશમ જ્ઞાન, દર્શન, આનંદ આદિ રૂપે થવાની આત્મામાં શક્તિ છે. ક્ષાયિક સમ્યગ્દર્શન અને ચારિત્રરૂપે થવાની આત્મામાં શક્તિ છે અને ઉદયભાવમાં રાગ–દ્વેષ આદિ વિકારરૂપે પરિણમવાની પર્યાયની યોગ્યતા છે. કર્મને લઈને કે પરદ્રવ્યને

કારણે આત્મા ઉદયભાવમાં પરિણમતો નથી. પોતાની પર્યાયની એ જાતની યોગ્યતાથી પોતે પરિણમે છે તે દ્રવ્યનો ત્રિકાળી ગુણ નથી પણ પર્યાયની એવી શક્તિ છે.

ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક એ ત્રણ નિર્મળ પર્યાય અને ઉદયભાવ એ વિકારી પર્યાય આ ચાર પર્યાયો છે. અને પંચમ પરમ પારિણામિક ભાવ એ આત્માનો ત્રિકાળી ગુણ છે. આવા પાંચભાવસ્વરૂપે એક આત્માને વિચારવો એ પણ વ્યવહાર છે. જ્યારે મુનિરાજ ઉપશમ શ્રેણીએ ચડે છે ત્યારે એ ઉપશમશ્રેણી, ક્ષાયિક સમ્યગ્દર્શન, ઉદયભાવ, ક્ષયોપશમ જ્ઞાન અને પરમપારિણામિક ભાવ આ પાંચેય ભાવ મુનિરાજને એક સમયમાં એકસાથે હોય છે.

અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ આ પાંચ પરમેષ્ઠીના પદનો ધરનારો ભગવાન આત્મા પોતે એક છે. પાંચેય પદરૂપે થવાની દરેક આત્મામાં શક્તિ છે. એમ આત્માને પાંચ–પદના ધરનારરૂપે વિચારવો તે વ્યવહાર છે.

ધર્મી એમ વિચારે છે કે નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવ એ ચારગતિ અને પંચમગતિ–મોક્ષ તે રૂપે પરિણમવાની મારામાં તાકાત છે અને છ સ્વરૂપે મારાં આત્માનો વિચાર કરું તો અનંત દર્શન, જ્ઞાન, સુખ, વીર્ય, ક્ષાયિક સમ્યકત્વ અને ક્ષાયિક ચારિત્રસ્વરૂપે હું બિરાજમાન છું. અથવા છ ગુણથી હું શોભાયમાન છું. પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ, ઊર્ધ્વ અને અધો આ છ દિશાઓમાં ગમન કરવાની મારામાં શક્તિ છે. કોઈ કર્મ કે ધર્મદ્રવ્ય મને ગમન કરાવતું નથી. અથવા આત્મા અસ્તિત્વ, વસ્તુત્વ, દ્રવ્યત્વ, પ્રમેયત્વ, અગુરુલઘુત્વ અને પ્રદેશત્વ આ છ સમ્યક્‌ગુણનો ધરવાવાળો છે.

અનંત દર્શન–જ્ઞાન આદિ સાત ગુણથી અથવા તો સાત ભંગથી પણ આત્માના સ્વરૂપનો ધર્મી વિચાર કરે છે. પોતાનું હોવાપણું પોતાથી છે અને પરથી નહિ હોવાપણું પણ પોતાથી છે એ રીતે સપ્તભંગીથી આત્માનો વિચાર કરે છે અથવા જીવની પર્યાયમાં રહેલાં સાત તત્ત્વો–જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ તથા નૈગમ આદિ સાત નયથી પણ આત્માનો વિચાર થાય છે. (આઠમો પ્રકાર પાઠમાં લીધો નથી.)

નવપ્રકારે વિચાર કરીએ તો આત્મા નવલબ્ધિ રૂપ છે. કેવળી ભગવાનને નવલબ્ધિની પર્યાય પ્રગટ થાય છે, એવી પર્યાય પ્રગટ કરવાની તાકાતવાળો હું છું.

સાધારણ જીવોને આ બધાં આંકડા યાદ ન રહે પણ ભાવ તો યાદ રહી શકે ને! આપણે તો આંકડાનું કામ નથી, ભાવનું કામ છે.

આ રીતે વિવિધ પ્રકારે આત્માના ગુણોની ભાવના કરતાં કરતાં તેમાંથી ખસીને

અંતરમાં એકાકાર થવું તે સ્વાનુભૂતિ છે. આવા ગુણોની ભાવના તે વિકલ્પ છે પણ તેની પાછળ રાગની પુષ્ટિ ન થતાં સ્વભાવની પુષ્ટિ થાય છે.

હવે ૭૭ મી ગાથામાં બે ત્યાગી બે ગુણ સહિત આત્મામાં લીન થવાનું કહે છે—

બે ત્યાગી બે ગુણ સહિત, જે આતમરસલીન;
શીઘ્ર લહે નિર્વાણપદ, એમ કહે પ્રભુ જિન. ૭૭.

જિનેન્દ્ર ભગવાન એમ કહે છે હે આત્મા! તું રાગ-દ્વેષ-ભાવને છોડી જ્ઞાન-દર્શન-ધારી સ્વરૂપમાં વસી જા! નિજસ્વરૂપમાં રુચિ, જ્ઞાન અને ઠરવું તે સ્વરૂપમાં વસવું કહેવાય. જિનના સ્વામી એવા જિનેન્દ્રભગવાન એમ ફરમાવે છે કે જે જીવ જાણવા-દેખવાના સ્વભાવવાળા એક આત્મામાં લીન થાય છે તે જીવ શીઘ્ર નિર્વાણપદને પ્રાપ્ત કરે છે.

બંધનું કારણ રાગ-દ્વેષ છે. ભગવાન આત્મા અખંડ વીતરાગસ્વરૂપે છે. જ્ઞેયોમાં આ ઠીક અને આ અઠીક એવા બે ખંડ કરવા તે રાગ-દ્વેષ છે. આ અનુકૂળ અને આ પ્રતિકૂળ એવા વિકલ્પ ઉઠાવવા એ આત્માનું સ્વરૂપ નથી. તેમ જ અન્ય પર-દ્રવ્યોમાં પણ કોઈ અનુકૂળ કે કોઈ પ્રતિકૂળ એવું દ્રવ્યોનું સ્વરૂપ નથી.

અજ્ઞાની એમ માને છે કે નિરોગ શરીર હોય તો ધર્મ થાય, બધી જાતની અનુકૂળતા હોય તો ધર્મ થઈ શકે. તેને જિનેન્દ્ર ભગવાન કહે છે કે અરે પ્રભુ! અનુકૂળ કે પ્રતિકૂળ એવું વસ્તુનું સ્વરૂપ જ નથી. શરીરાદિ તો જાણવા લાયક જ્ઞેય છે. જ્ઞેય પદાર્થો આત્માને ધર્મ કરવામાં રોકતા નથી. માટે ભાઈ! તું રાગ-દ્વેષ છોડી દે અને સ્વભાવની સાધના કર!

આત્મા સિવાય અન્ય પદાર્થોમાં ઠીક–અઠીકપણાની માન્યતા કરવી તે અનંતાનુબંધી ક્રોધ–માન–માયા અને લોભ છે. તેમાં ક્રોધ અને માન એ દ્વેષસ્વરૂપ છે અને માયા અને લોભ એ રાગરૂપ છે. મિથ્યાદૃષ્ટિ જીવ પરપદાર્થમાં અહંકાર અને મમકાર કરે છે એટલે કે આ હું અને આ મારાં એવા મિથ્યાત્વનું સેવન કરે છે અને ઈન્દ્રિયસુખને પોતાનું સાચું સુખ સમજે છે તે પણ મિથ્યા બુદ્ધિ છે.

મોક્ષમાર્ગપ્રકાશકમાં ટોડરમલજી પણ લખે છે કે મિથ્યાદૃષ્ટિ જીવ પોતાને રુચે તેવા અને તેમાં મદદ કરનારાં પદાર્થોમાં રાગ કરે ને અને ન રુચે તેવા પદાર્થો અને તેમાં મદદ કરનારાં પ્રત્યે દ્વેષ કરે છે. ભગવાન કહે છે કે હે જીવો! આવા અનંતાનુ-બંધી કષાય અને મિથ્યાત્વનો ત્યાગ કરી સ્વરૂપનું શ્રદ્ધાન કરો તો શીઘ્ર નિર્વાણની પ્રાપ્તિ થશે.

(ક્રમશઃ)

—০—

# પોતાના પરમાત્મામાં એકાગ્રતા કરવી તે મુક્તિનો માર્ગ છે

[ શ્રી ઈષ્ટોપદેશ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

( સળંગ પ્રવચન નં-૨૩ )

આ ઈષ્ટોપદેશ શાસ્ત્ર છે. ૨૨મી ગાથા ચાલે છે. શિષ્યનો પ્રશ્ન હતો કે પ્રભો! આત્માના હિતનો ઉપાય શું છે તે મને કૃપા કરીને સમજાવો; તેનો અહીં પૂજ્યપાદ-સ્વામી જવાબ આપે છે.

ઇન્દ્રિય વિષયો નિગ્રહી, મન એકાગ્ર લગાય,
આતમમાં સ્થિત આત્માને, જ્ઞાની નિજથી ધ્યાય. ૨૨.

ભગવાન આત્મા પૂર્ણ અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે. અજ્ઞાની જીવનું વલણ જે પર ઇન્દ્રિયો તરફ એકાગ્ર થયેલું છે તેને ત્યાંથી હટાવીને સ્વસન્મુખ વલણ કરવું, અતીન્દ્રિય આનંદ સ્વરૂપની દૃષ્ટિ કરવી એટલે કે તેમાં એકાગ્ર થવું તે આ જીવના હિતનો ઉપાય છે. આ ઈષ્ટ ઉપદેશ છે. માખણની વાત છે.

પાંચ ઇન્દ્રિયો અને મન તરફનું વલણ છોડી સ્વસન્મુખ થઈ નિજસ્વરૂપમાં એકાગ્રતા કરવી તે હિતનો ઉપાય છે અને તેનું ફળ પૂર્ણ આનંદ અને કેવળજ્ઞાન છે. પુણ્ય-પાપમાં અને બહારના વિષયોમાં તો જીવ અનાદિકાળથી એકાગ્રતા કરતો આવ્યો છે અને કરી રહ્યો છે પણ તે તેને અહિતકર છે. કેમ કે તેનું ફળ સંસાર છે. માટે જેને પોતાનું હિત કરવાની ભાવના થઈ છે તેને સંતો ઉપદેશ આપે છે કે તું મનને આત્મામાં એકાગ્ર કર! પર ઇન્દ્રિયો તરફની એકાગ્રતા છોડ!

જ્ઞાની કે અજ્ઞાની કોઈપણ જીવ શરીર, વાણી, મન કે કર્મ આદિ પરદ્રવ્યમાં એકતા તો કરી શકતો જ નથી. કેમ કે પરદ્રવ્યની તો સત્તા જ ભિન્ન છે, પણ અજ્ઞાની જીવ પર તરફ લક્ષ કરી શુભાશુભભાવમાં એકાગ્રતા કરી રહ્યો છે. નિગોદથી માંડી દ્રવ્યલિંગી સાધુ થઈને નવમી ગ્રૈવેયકમાં ગયેલા દરેક અજ્ઞાની જીવો અનાદિથી શુભ-અશુભભાવમાં જ એકાગ્રતા કરી રહ્યાં છે, અને તેમાં જ પોતાનું હિત માની રહ્યાં છે. જ્ઞાનાનંદસ્વરૂપ નિજ આત્માની એકાગ્રતા છોડીને એકલું પરસન્મુખ વલણ કરી તેમાં જ હિતની કલ્પના કરી રહ્યા છે.

ત્રણકાળ ત્રણલોકમાં કોઈ પણ જીવ પરદ્રવ્યની ક્રિયા તો કરી શકતો જ નથી.

માત્ર તે તરફ વલણ કરી શુભાશુભભાવમાં અજ્ઞાની જીવો એકાગ્રતા કરી રહ્યા છે. તે તેને હિતકર નથી. એક નિજ આત્માની અગ્રતા કરવાને બદલે અનેક પરદ્રવ્યની અગ્રતા કરી રહ્યો છે, તે તરફના વલણમાં એકાગ્ર-લીન થઈ રહ્યો છે તે છોડીને એક શુદ્ધ નિજ આત્મામાં એકાગ્રતા-લીનતા કરવી તે હિતનો ઉપાય છે. તેનું જ નામ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. તે પ્રગટ કરીને તેમાં જ લીન થવાનો ઈષ્ટ ઉપદેશ સંતો આપી રહ્યા છે.

એકાગ્ર શબ્દના બે અર્થ છે. એક તો પોતાના આત્મામાં મન જોડવું તે અથવા કોઈ દ્રવ્ય અથવા તેની કોઈ પર્યાયમાં લક્ષ કરવું તે. આમાં પોતાના આત્મામાં એકાગ્રતા કરવી તે જ હિતનો પંથ છે. જેને પોતાનું હિત કરવું હોય તેણે કેમ કરવું ? તેની આ વાત ચાલે છે. હિત કહો, ધર્મ કહો કે સમ્યગ્દર્શન જ્ઞાન-ચારિત્રની પ્રગટતા કહો બધું એક જ છે. પરમાત્માનું લક્ષ કરે કે પોતાની પર્યાયનું લક્ષ કરે તેમાં પણ ખરેખર તો પોતાના આત્મા ઉપર જ લક્ષ જાય છે, તેથી અહીં તો પોતાના આત્માનું લક્ષ કરીને તેમાં એકાગ્રતા કરવાની વાત છે.

આ જીવે કદી સ્વલક્ષ કર્યું નથી. એકલી પરલક્ષી વાતો કરી અને અનંતવાર શુભ અશુભ ભાવો કર્યા છે અને તેમાં જ એકાગ્રતા કરી છે. અનંતકાળમાં ક્યારેય પોતાના આત્મામાં એકાગ્રતા કરી નથી.

હજારો વર્ષ પહેલાં થઈ ગયેલા વીતરાગી સંત પૂજ્યપાદ સ્વામીએ આ ઈષ્ટ ઉપદેશની રચના કરી છે. શિષ્ય પૂછે છે પ્રભુ ! અમારું હિત કેમ થાય ? અમને આત્માની ભાવના કેમ થાય ? શુભાશુભભાવની ભાવનાથી છૂટીને આત્માની ભાવના કેમ કરવી ? તેને કહે છે કે ભૂત-વર્તમાન અને ભાવિ પર્યાયમાં જે સદાય વર્તી રહ્યું છે તે તારું આત્મદ્રવ્ય છે તેમાં એકાગ્રતા કરવી તે—મનની આત્મામાં એકાગ્રતા કરવી તે હિતનો ઉપાય છે.

મનને આત્મામાં એકાગ્ર કરી, જ્ઞાનમાં આત્માને પકડવો અને દૃષ્ટિમાં આત્મા ગ્રહણ કરવો તે સમ્યગ્દર્શન-જ્ઞાનનો ઉપાય છે.

વીતરાગ સર્વજ્ઞદેવ કથિત શાસ્ત્રોમાં જેવું આત્માનું સ્વરૂપ કહ્યું છે તેનું અવલંબન લેવું. અન્ય રાગી-દ્વેષી દેવોના કહેલા શાસ્ત્રોનું અવલંબન ન લેવું. વીતરાગ સર્વજ્ઞદેવે કહેલું આત્માનું સ્વરૂપ ૨૧ મી ગાથામાં આવી ગયું કે આત્મા અનંત જ્ઞાન આદિ અનંત ગુણસ્વરૂપ છે, શરીર પ્રમાણ છે, અસંખ્યાતપ્રદેશી છે અને સ્વસંવેદનગમ્ય છે.

સાચા દેવ-શાસ્ત્ર-ગુરુના અવલંબન વિના માત્ર પોતાની કલ્પનાથી આત્માનું સ્વરૂપ નક્કી કરીને જ્ઞાનમાં આત્મા ગ્રહણ થાય તેમ નથી. જેમ માલ લેવા જાય છે

ત્યાં પહેલાં માલનો ભાવ પૂછે, બરાબર વજન કરે પછી માલનું ગ્રહણ કરે તેમ જેણે આત્માને જ્ઞાનમાં ગ્રહણ કરવો છે તેણે પહેલાં શાસ્ત્રથી, નય-નિક્ષેપ-પ્રમાણથી આત્માનું સ્વરૂપ બરાબર સમજવું જોઈએ. સમજ્યાં પછી આત્માનો અનુભવ થાય. જેને પોતાનું હિત કરવું છે તેને પ્રથમ એટલો નિર્ણય તો હોવો જોઈએ કે અનંતકાળમાં કદી મારું હિત થયું નથી, અને અનંતકાળમાં હું બધું કરી ચૂક્યો છું. એક માત્ર જ્ઞાન અને રાગનું ભેદજ્ઞાન કર્યું નથી માટે જ હું દુઃખી છું. તેથી તે જ દેવ-શાસ્ત્ર-ગુરુ સાચાં છે કે જે રાગ અને જ્ઞાનના ભેદજ્ઞાનથી સુખ થવાની વિધિ કહેતાં હોય. રાગની ક્રિયા અને સ્વભાવની એકતા બતાવે તે વીતરાગી ઉપદેશ નથી.

શાસ્ત્ર એમ કહે છે કે શુભાશુભભાવથી રહિત શુદ્ધ આત્મસ્વરૂપમાં એકત્વ કર! શુભાશુભભાવની એકતા છોડી દે. જીવ પોતે જ પરમેશ્વર છે તેમાં એકાગ્રતા કરવાથી પર્યાયમાં પરમેશ્વરદશા પ્રગટ થાય છે. ભગવાન કહે છે તું મારામાં મન એકાગ્ર ન કર, કેમ કે હું પણ તારા માટે પરદ્રવ્ય છું. તું તારાં સ્વરૂપમાં જ મનને એકાગ્ર કર. જેથી પર્યાયમાં સ્વરૂપ પ્રગટ થાય અને તારું હિત થાય.

ભગવાન આત્મા અનંત આનંદ અને બેહદ જ્ઞાન સ્વરૂપે બિરાજમાન છે તેની ભાવના કર! તેમાં એકાગ્રતા કર! અન્ય વિકલ્પની ચિંતા છોડી દે અને સ્વસંવેદન વડે આત્માનો અનુભવ કર! સ્વસંવેદન જ સ્વભાવનું સાધન છે. અન્ય વિકલ્પ, રાગ, પુણ્ય કે નિમિત્તાદિ સ્વભાવના સાધન નથી. આવી વાત સમજવી જીવને અઘરી લાગે છે તેથી બીજે સાધન શોધવા જાય છે પણ ક્યાંય સાચું સાધન મળતું નથી.

'એક હોય ત્રણકાળમાં પરમારથનો પંથ' ભગવાનનો માર્ગ એક જ હોય, બે ત્રણ ન હોય. લોકોને આ સમજવું અઘરું લાગે તેથી બીજો રસ્તો શોધવા જાય પણ બીજો કોઈ મોક્ષમાર્ગ છે જ નહિ. રાગની ઉપેક્ષા કરીને અંતરસ્વભાવની અપેક્ષા કરવી એ એક જ હિતનો માર્ગ છે.

ભાઈ! તું તારા સ્વભાવમાં એકાગ્ર થા ને! આખા લોકમાં તારાથી અધિક બીજું શું છે? તું જ પૂર્ણ શુદ્ધ પરમેશ્વર છો. સર્વમાં અધિક છો. તારા હિતના માર્ગે તું એકલો જઈ શકે છો. તારો માર્ગ તારાથી અજાણ્યો નથી. મુક્તિમાં તું એકલો જઈ શકે છો. અત્યાર સુધીમાં જે જીવો મોક્ષમાં ગયા તે બધાં પોતાના સ્વસંવેદનથી આત્માને જાણીને એકલા જ મોક્ષમાં ગયા છે.

અનંતકાળથી જીવે આંધળી દોડ મૂકી છે. મુઠ્ઠી વાળીને દોડ્યો છે. એ માને છે કે હું મારા હિતના રસ્તે દોડી રહ્યો છું પણ ખરેખર હિતથી દૂર જઈ રહ્યો છે. ઊંધો પડેલો જીવ પણ સ્વતંત્ર છે. પણ બાપુ! તારામાં શું અપૂર્ણતા છે કે જેથી તું

તારી સમીપ આવતો નથી? અને પુણ્ય-પાપ અને નિમિત્તાદિમાં શું તારું હિત પડ્યું છે કે તું તેનો પ્રેમ છોડતો નથી?

ભગવાન સર્વજ્ઞદેવે એક સમયની પર્યાયમાં બધાં દ્રવ્યોને જાણીને જે વાત કહી અને જેમાંથી શાસ્ત્રો રચાયા તે શાસ્ત્રની સ્વાધ્યાય કરીને પહેલાં વસ્તુનું સ્વરૂપ બરાબર સમજવું જોઈએ. અનંતા પરમેશ્વરોની દિવ્યધ્વનિમાં જે વાત આવી તે જ દિગંબર સંતો લખી ગયા છે. તેમાંથી આત્મા કેવડો છે? કેટલા ક્ષેત્રમાં રહેલો છે? કેટલા ગુણવાળો છે, એક-એક ગુણમાં કેટલું સામર્થ્ય છે, આ બધું વિકલ્પ દ્વારા પણ પ્રથમ જાણીને નક્કી કરવું જોઈએ. તેના નિર્ણય વગર અન્યમતમાં ખેંચાય તો આત્મા હાથમાં નહિં આવે.

આ ઈષ્ટોપદેશના રચયિતા પૂજ્યપાદસ્વામીએ જ સમાધિશતકમાં કહ્યું છે કે ઈન્દ્રિયો છે, ઇન્દ્રિયો તરફના વિકલ્પો પણ છે અને ઇન્દ્રિયાતીત ભગવાન અતીન્દ્રિય આત્મા પણ છે. તેનો પ્રથમ સ્વીકાર કરજે. જ્યાંથી રુચિ હટાવીને જ્યાં લઈ જવી છે તે બંને પદાર્થોને જાણવા જરૂરી છે. આ આત્મા 'અપનેકો આપ ભૂલકે હૈરાન હો ગયા' પોતે જ પોતાને ભૂલીને ચાર ગતિમાં ભ્રમણ કર્યું છે. પોતાના જ ઊંધા પુરુષાર્થથી ઈન્દ્રિય અને ઇન્દ્રિયવિષયોનો પ્રેમ કરીને દુ:ખી થાય છે અને પોતાના જ સવળા પુરુષાર્થથી સ્વભાવની રુચિ કરીને સુખી થઈ શકે છે.

પૂજ્યપાદસ્વામી પોતે જ પોતાની વાત કરે છે કે મેં પરમ જ્ઞાન-આનંદ-સ્વરૂપ નિજ-આત્માને મારા જ સ્વસંવેદન વડે પ્રાપ્ત કર્યો છે, તેમાં મેં રાગ, વ્યવહાર કે નિમિત્તાદિ અન્ય સાધનોની સહાય લીધી નથી.

આ તો બધી જૈનદર્શનની માખણની વાત છે. મુદ્દાની રકમ છે. ભાઈ! તને પરદ્રવ્યમાં એકાગ્રતા કરતાં કેવી આવડે છે? તેમ સ્વદ્રવ્યમાં એકાગ્રતા કર ને! તેમાં તારું હિત છે. એકવાર ગુલાંટ ખાઈને નિજ પરમેશ્વરનો મેળાપ કર ને!

પંચમ-આરાના સાધુ પૂજ્યપાદસ્વામીએ આ ઇષ્ટોપદેશ ૫૧ શ્લોકમાં રચ્યું છે. ખૂબ ઊંડા ભાવો ભર્યા છે. ધર્મધૂરંધરધોરી સંતો જગતને હથેળીમાં આત્મા બતાવી રહ્યાં છે. પોતાના દ્વારા પોતાનું જ્ઞાન થાય તે સ્વસંવેદન છે.

અહીં ૨૨ મી ગાથા પૂરી થઈ. હવે શિષ્ય પ્રશ્ન પૂછે છે કે આત્માની ઉપાસના કરવાથી શું ફળ પ્રાપ્ત થાય છે? કેમ કે વિચારવાની પ્રવૃત્તિનું ફળ જ્ઞાનપૂર્વક હોય છે. દુનિયામાં પણ જેની જરૂરિયાત જણાય તેનો પુરુષાર્થ કરે છે, તેમ આત્મામાં પણ ફળજ્ઞાનપૂર્વક જ જીવ પુરુષાર્થ કરે છે.

અજ્ઞ ભક્તિ અજ્ઞાનને, જ્ઞાન-ભક્તિ દે જ્ઞાન,
લોકોક્તિ—'જે જે ધરે, કરે તે તેનું દાન.' ૨૩

શરીર, વાણી, મન આદિમાં જ્ઞાન નથી. પુણ્ય-પાપ ભાવમાં પણ જ્ઞાન નથી. એવા જ્ઞાનરહિત અજ્ઞાનભાવોની સેવા કરવાથી અજ્ઞાનનું ફળ મળે, વિકાર મળે અને ચારગતિમાં રખડવાનું ફળ મળે. એક માત્ર ભગવાન આત્મા જ જ્ઞાનસ્વરૂપ છે. તેના સિવાય પુણ્ય-પાપ ભાવ આદિ પણ જ્ઞાનજ્યોતિથી રહિત અજ્ઞાનમૂર્તિ છે માટે તેની સેવા કરવાથી અજ્ઞાનનું ફળ મળે છે. પુણ્ય-પાપ ભાવની સેવા એટલે તેમાં એકાગ્રતા કરવાથી વિકાર થાય પણ વીતરાગતા ન થાય. જ્ઞાનીની સેવા કરવાથી જ જ્ઞાન પ્રાપ્ત થાય. એ જ્ઞાની કોણ? એક તો ભગવાન જ્ઞાનમૂર્તિ આત્મા પોતે જ છે તેની સેવા એટલે એકાગ્રતા કરવાથી જ્ઞાનનું ફળ મળે અને બીજું જ્ઞાની ધર્માત્માની સેવા કરવાથી એ જ્ઞાની કહેશે કે તારું જ્ઞાન અને આનંદ તારાથી પ્રાપ્ત થશે. આમ જ્ઞાનીની સેવાના ફળમાં પણ દૃષ્ટિ તો નિજસ્વભાવ ઉપર જતાં જ્ઞાનનું ફળ પ્રાપ્ત થાય છે.

(-ક્રમશઃ)

—*—

## * આત્મા પ્રાપ્ત થાય જ *

શ્રોતા—ઘણા વખતથી તત્ત્વનો અભ્યાસ કરવા છતાં આત્મા પ્રાપ્ત કેમ થતો નથી?

પૂજ્ય ગુરુદેવ—આત્મા અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ છે, એના અતીન્દ્રિય આનંદની તાલાવેલી જાગે, આત્મા સિવાય બીજે ક્યાંય મીઠાશ લાગે નહિ બીજે ક્યાય રસ પડે નહિ, જગતના પદાર્થોનો રસ ફીકો લાગે, સંસારના રાગનો રસ ઊડી જાય. અહો! જેના આટલા આટલા વખાણ થાય છે એ આત્મા અનંતાનંત ગુણોનો પુંજ પ્રભુ છે કોણ? એમ આશ્ચર્ય થાય, એની લગની લાગે, એની ધૂન ચડે એને આત્મા મળે જ, ન મળે એમ બને જ નહિ. જેટલું કારણ આપે એટલું કાર્ય આવે. કારણ આપ્યા વિના કાર્ય આવતું નથી. કારણની કચાશના લઈને કાર્ય આવતું નથી. આત્માના આનંદ સ્વરૂપની અંદરથી ખરેખરી લગની લાગે, તાલાવેલી લાગે, સ્વપ્નમાં પણ એનું એ જ રહે, તેને આત્મા પ્રાપ્ત થાય જ.

# વૈરાગ્યજનની : બાર ભાવના

[શ્રી સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી]

આ સંસારભાવનાનું વર્ણન છે. પરિભ્રમણના કારણની અનેકતા છે. પણ તેને ટાળવાનું કારણ એક છે. પર્યાયબુદ્ધિમાં અનેક પ્રકારના વિકલ્પો કરી પરિભ્રમણ કરે છે પણ ટાળવાનો ઉપાય એક છે. જીવે અનંતીવાર ક્ષેત્ર પરાવર્તન કર્યું છે, પુણ્ય-પાપ, દયા-દાનાદિ શુભ.ક્રયાનું માહાત્મ્ય કરીને રખડયો પણ યથાર્થ વસ્તુસ્વરૂપ શું છે તેની શ્રદ્ધા કરી નહિ. આત્માનું પરિપૂર્ણ શુદ્ધસ્વરૂપ તે દેવ છે, આત્માના સ્વરૂપને જે સાધે છે તે ગુરુ છે ને અનેકાંત બતાવે તે શસ્ત્ર છે. આમ દેવ શાસ્ત્ર ગુરુને યથાર્થ જાણે તો પરિભ્રમણ મટયા વિના રહે નહિ.

કાળ પરિભ્રમણની વાત કરે છે.

उवसर्पिणीअवसर्पिणीप्रथमसमयादिचर्मसमयान्तम् ।
जीवाः क्रमेण जायते म्रियते य सर्वेषु कालेषु ।। ६९ ।।

અર્થ :—ઉત્સર્પિણી અને અવસર્પિણી કાળના પ્રથમ સમયથી માંડીને અંતના સમય સુધી આ જીવ અનુક્રમપૂર્વક સર્વકાળમાં ઊપજે તથા મરે છે (તે કાળ-પરાવર્તન છે) ૬૯.

એક પલ્યોપમમાં અસંખ્ય અબજો વર્ષ ચાલ્યા જાય એવા દસ કોડાકોડી પલ્યોપમનો એક સાગર થાય છે ને દસ કોડાકોડી સાગરોપમનો એક ઉત્સર્પિણી કાળ છે ને એટલો જ અવસર્પિણીનો કાળ છે. તેના પ્રથમ સમયથી માંડીને અનંતા સમય સુધીના સર્વ કાળમાં જીવ ઉપજ્યો છે ને મર્યો છે.

ભાવાર્થ :—કોઈ જીવ દસ કોડાકોડી સાગરનો જે ઉત્સર્પિણી કાળ એટલે ચડતો કાળ તેના પ્રથમ સમયમાં જન્મ પામે પછી બીજા ઉત્સર્પિણીના બીજા સમયમાં જન્મે-એ પ્રમાણે ત્રીજા ઉત્સર્પિણીના ત્રીજા સમયમાં જન્મે એ પ્રમાણે અનુક્રમપૂર્વક અનંતા સમય સુધી જન્મે. વચ્ચે અન્ય સમયોમાં અનુક્રમરહિત જન્મે તેની અહીં ગણતરી નથી. એક ઉત્સર્પિણીના દસ કોડાકોડી સાગર છે. તેના અસંખ્ય સમયો છે. તે સમયો ઉપર કહ્યા પ્રમાણે પૂરા કરવા માટે અનંત ભવ થાય છે.

એ જ પ્રમાણે અવસર્પિણીકાળ (હલકા કાળ)ના પહેલાં સમયે જન્મે પછી બીજા અવસર્પિણીકાળના બીજા સમયમાં જન્મે-એ પ્રમાણે અનુક્રમપૂર્વક અંતના સુધી જન્મે

વચ્ચે અન્ય સમયોમાં અનુક્રમ રહિત જન્મે તેની અહીં ગણતરી નથી. આમ એક અવસર્પિણીના દસ કોડાકોડી સાગરના અનુક્રમે પૂર્ણ કરે તેમાં અનંતા ભવો થાય છે. કાળમાં અનુક્રમપૂર્વક જન્મે ને મરે તેને એક કાળપરાવર્તન કહે છે. તેમાં પણ અનંતકાળ થાય છે.

આગળ ભવ પરાવર્તન કહે છે.

नैरयिकादिगतीनां अवरस्थितितः वरास्थितिः यावत् ।
सर्वस्थितिषु अपि जायते जीवः ग्रैवेयकपर्यन्तम् ॥ ७० ॥

અર્થ:—સંસારી જીવ, નરકાદિ ચાર ગતિની જઘન્યસ્થિતિથી માંડીને ઉત્કૃષ્ટ સ્થિતિ સુધી સર્વ સ્થિતિઓમાં ગ્રૈવેયક સુધી જન્મે છે.૭૦.

ભાવાર્થ:—માંસ ખાનારા, દારૂ પીનારા વગેરે તીવ્ર પાપ કરનારા નરકમાં જાય છે. નરકગતિની જઘન્યસ્થિતિ દસ હજાર વર્ષની છે. તેના જેટલા સમય છે તેટલીવાર તો જઘન્યસ્થિતિનું આયુષ્ય ધારણ કરે એટલે કે અસંખ્યવાર એવા જન્મ કરીને દસ હજાર વર્ષની સ્થિતિ પૂરી કરે. એ જ પ્રમાણે એક સમય અધિક આયુષ્ય લઈને જન્મે. વચમાં વધારે આયુષ્ય એટલે લાખ વર્ષનું આયુષ્ય લઈને જન્મે તેની ગણતરી ન કરવી. પછી બે સમય અધિક આયુષ્ય લઈને જન્મે એ જ પ્રમાણે અનુક્રમપૂર્વક તેત્રીસ સાગરોપમ સુધીનું આયુષ્ય પૂર્ણ કરે પણ વચ્ચે ઓછું-વધતું આયુષ્ય લઈને જન્મે તેની અહીં ગણતરી નથી. તત્ત્વજ્ઞાનનો વિરોધ કરે તેમ જ માયા-કપટ કરે તે તિર્યંચ થાય છે. એ તિર્યંચ ગતિનું જઘન્ય આયુ અંતમુહૂર્તનું છે. તેના જેટલા સમય છે તેટલીવાર જઘન્ય આયુનો ધારક થાય, પછી એક સમય અધિક અધિકના ક્રમથી તિર્યંચગતિનું ઉત્કૃષ્ટ ત્રણ પલ્યનું આયુ પૂર્ણ કરે, જે જુગલિયાં ઢોરનું આયુષ્ય હોય છે. તે પૂરું કરે પણ વચ્ચે ઓછું-વધતું આયુ પામે તેની અહીં ગણતરી નથી.

એ જ પ્રમાણે સમૂર્ચ્છન મનુષ્યનું જઘન્ય આયુ અંતમુહૂર્તનું હોય છે ત્યાંથી માંડીને જુગલિયા મનુષ્યનું ઉત્કૃષ્ટ આયુ કે જે ત્રણ પલ્યનું છે તે પૂર્ણ કરે.

એ જ પ્રમાણે દેવગતિમાં ગયો ત્યાં જઘન્ય આયુ દસ હજાર વર્ષનું છે. તેના અસંખ્ય સમયો છે. તેટલીવાર જઘન્ય આયુ લઈને જન્મે. વચમાં મોટાં આયુષ્યવાળો થાય તે ગણતરીમાં ન લેવું. પછી એક સમય અધિક આયુવાળો થાય એમ ગણતરી કરતાં ગ્રૈવેયકની ઉત્કૃષ્ટ એકત્રીસ સાગર સુધીની સ્થિતિ અનુક્રમે પૂર્ણ કરે તેને ભવ-પરાવર્તન કહે છે. નવ ગ્રૈવેયકની ઉપર ઉપજવાવાળો જીવ એક બે ભવમાં મુક્ત જ થાય છે, તેથી તેને અહીં ગણ્યો નથી. એ ભવપરાવર્તનનો કાળ પણ અનંત છે.

આગળ ભાવપરાવર્તન કહે છે.

परिणमते संज्ञनीव: विविधकषायैः स्थितिनिमित्तैः ।
अणुभागनिमित्तैः च वर्द्धमानः भावसंसारः ॥ ७१ ॥

અર્થ :—ભાવ સંસારમાં વર્તતા જીવ અનેક પ્રકારના કર્મોની સ્થિતિબંધ તથા અનુભાગ બંધના કારણરૂપ અનેક પ્રકારના કષાયસહિત સંજ્ઞીપંચેન્દ્રિય જીવ પરિણમે છે.

ચૈતન્યના ભાન વિના અનંત સંસારમાં રખડે છે ને અનેક કર્મોનો સ્થિતિબંધ કરે છે. જીવે દયા-દાનાદિના પરિણામ, સાચા દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિના પરિણામ, વ્યવહાર રત્નત્રયના પરિણામ અનંતીવાર કર્યા તેને પણ ભાવસંસાર અથવા ભાવપરાવર્તન કહે છે.

ભાવાર્થ :—કર્મોની એક સ્થિતિબંધના કારણરૂપ કષાયોના સ્થાનક અસંખ્યાત લોકપ્રમાણ છે, તેમાં એક સ્થિતિબંધ સ્થાનમાં અનુભાગ બંધનાં કારણરૂપ કષાયોનાં સ્થાન અસંખ્યાત લોકપ્રમાણ છે. ચૌદ બ્રહ્માંડનું સરખી રીતે ચોસલું બનાવે તેમાં છેલ્લું પાતળું ચોસલું તેને જગતશ્રેણી કહે છે. વળી યોગસ્થાન છે તે જગતશ્રેણીના અસંખ્યાતમાં ભાગે છે તેને આ જીવ પરિવર્તન કરે છે. તે કેવી રીતે ? કોઈ સંજ્ઞી મિથ્યાદષ્ટિ પર્યાપ્ત જીવ પોતાને યોગ્ય સર્વ જઘન્ય જ્ઞાનાવરણ કર્મપ્રકૃતિની સ્થિતિ અંતઃકોડાકોડી સાગર પ્રમાણે બાંધે તેમાં કષાય સ્થાન અસંખ્યાત લોકમાત્ર છે, તેમાં સર્વ જઘન્યસ્થાન એકરૂપ પરિણમે, તેમાં એ એક સ્થાનમાં અનુભાગ બંધનાં કારણરૂપ સ્થાન એવા અસંખ્યાત લોકપ્રમાણ છે, તેમાંથી એક ( સ્થાન ) સર્વ જઘન્યરૂપ પરિણમે ત્યાં તેને યોગ્ય સર્વ જઘન્ય યોગસ્થાનરૂપ પરિણમે ત્યારે જ જગતશ્રેણીના અસંખ્યાતમા ભાગનાં યોગસ્થાન અનુક્રમથી પૂર્ણ કરે, પણ વચમાં અન્ય યોગસ્થાનરૂપ પરિણમે તે અહીં ગણતરીમાં નથી.

આ વાત સર્વજ્ઞ સિવાય બીજે ક્યાંય મળે તેમ નથી. સર્વજ્ઞે કહેલા તત્ત્વમાં જરા ફેર પાડે તો આખા તત્ત્વમાં ફેર પડી જાય છે. લોકો અન્યમત સાથે સમન્વય કરવા માગે છે પણ વીતરાગ માર્ગને ક્યાંય પણ અન્યમત સાથે મેળ ખાય તેમ નથી.

એ પ્રમાણે યોગસ્થાન પૂર્ણ થતાં અનુભાગસ્થાનનું બીજું સ્થાન પરિણમે ત્યાં પણ એ જ પ્રમાણે સર્વ યોગસ્થાન પૂર્ણ કરે, ત્યાર પછી ત્રીજું અનુભાગસ્થાન થાય ત્યાં પણ તેટલાં જ યોગસ્થાન ભોગવે. એ પ્રમાણે અસંખ્યાત લોકપ્રમાણ અનુભાગ-સ્થાન અનુક્રમપૂર્વક પૂર્ણ કરે ત્યારે બીજુ કષાયસ્થાન લેવું. ત્યાં પણ ઉપર કહેલા ક્રમપૂર્વક અસંખ્યાત લોકપ્રમાણ અનુભાગસ્થાન તથા જગતશ્રેણીના અસંખ્યાતમા ભાગનાં યોગસ્થાન પૂર્વોક્ત ક્રમપૂર્વક ભોગવે, ત્યારે ત્રીજું કષાયસ્થાન લેવું. એ પ્રમાણે ચોથું-પાંચમું-છઠ્ઠું આદિ અસંખ્યાત લોકપ્રમાણ કષાયસ્થાન પૂર્વોક્ત ક્રમપૂર્વક પૂર્ણ

કરે ત્યારે એક સમય અધિક જઘન્યસ્થિતિ લેવું. તેમાં પણ કષાયસ્થાન, અનુભાગસ્થાન અને યોગસ્થાન ઉપર કહેલા ક્રમપૂર્વક ભોગવે; એ પ્રમાણે બે સમય અધિક જઘન્યસ્થિતિથી માંડી ત્રીસ-કોડાકોડી સાગર સુધી જ્ઞાનાવરણીય કર્મની સ્થિતિ પૂર્ણ કરે. એ પ્રમાણે સર્વ મૂળ કર્મપ્રકૃતિઓ તથા ઉત્તર કર્મપ્રકૃતિઓનો ક્રમ જાણવો. જેટલી જેની સ્થિતિ હોય તે પ્રમાણે લેવું. જ્ઞાનાવરણની ૩૦ કોડાકોડીની દર્શનમોહનીયની ૭૦ કોડાકોડીની ચારિત્રમોહનીયની ૪૦ કોડાકોડીની ઉત્કૃષ્ટ સ્થિતિ છે. એમ પ્રકૃતિ દીઠ સ્થિતિમાં ફેર છે.

એ રીતે પરિણમતાં પરિણમતાં અનંતકાળ વ્યતીત થાય છે તેને એકઠો કરતાં એકભાવ પરાવર્તન થાય, એવા અનંત ભાવપરાવર્તન આ જીવ ભોગવતો આવ્યો છે. જીવ અનેક પ્રકારનાં કર્મ બાંધતો આવ્યો છે, તેની મુદતમાં ફેર છે તથા અનુભાગમાં પણ ફેર છે.

આ પ્રમાણે ભાવપરાવર્તન સમજવું.

एवं अनादिकालं पञ्चप्रकारे भ्रमति संसारे ।
नानादुःखनिधाने जीवः मिथ्यात्वदोषेण ।।७२।।

અર્થ :- એ પ્રમાણે પંચપરાવર્તનરૂપ સંસારમાં આ જીવ અનાદિ કાળથી મિથ્યાત્વ દોષ વડે ભમે છે, કેવો છે સંસાર? અનેક પ્રકારનાં દુઃખોનું નિધાન (ખજાનો) છે. ૭૨.

આ પ્રમાણે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ, ભાવ—પંચપરાવર્તનરૂપ સંસાર છે. ચેતન અનાદિ કાળનો છે. સંસારમાં અનંતકાળ રખડયો છતાં ચૈતન્યદ્રવ્ય એવું ને એવું છે, પોતાના વાસ્તવિક ભાન વિના અનાદિથી મિથ્યાત્વના દોષ વડે ભમે છે. દ્રવ્યલિંગી સાધુ થઈને નવમી ગ્રૈવેયક ૩૧ સાગરના આયુષ્યે જન્મ્યો, મુનિપણામાં મહાવ્રત પાળ્યાં, યમ-નિયમ કર્યા પણ આત્માનું ભાન કર્યું નહિ તેથી મિથ્યાત્વના દોષથી રખડે છે.

કેવો છે સંસાર? અનેક પ્રકારનાં દુઃખોનો ખજાનો છે. આત્મા આનંદનું નિધાન છે, ત્યારે સંસાર દુઃખનું નિધાન છે, દુઃખની ખાણ છે. જે ભાવથી દેવલોક મળે, નવમી ગ્રૈવેયક જવાય તે ભાવ દુઃખનું નિધાન છે. વ્રત તપાદિ ભાવ પણ દુઃખનું નિધાન છે. વ્યવહારરત્નત્રયનાં પરિણામ પણ દુઃખની ખાણ છે.

જે જીવ વર્તમાનને ભાવે છે તે સંસારમાં રખડે છે ને ત્રિકાળને ભાવનારમાં સંસાર નથી. અહીં પાંચ પ્રકારના પરાવર્તન રૂપ ભાવને દુઃખ કહ્યું—દુઃખનો ખજાનો કહ્યો માટે સુખનું નિધાન આત્મા છે તેને ભજવો.

इति संसारं ज्ञात्वा मोहं सर्वादरेण त्यक्त्वा ।
तं ध्यायत स्वस्वभावं संसरणं येन नश्यति ।।७३।।

અર્થ:—ઉપર કહ્યા પ્રમાણે આ સંસારના (સ્વરૂપને) જાણીને સર્વ પ્રકારથી ઉદ્યમ કરી મોહને છોડી હે ભવ્યાત્મા! તું એ આત્મસ્વભાવનું ચિંતવન કર કે જેથી સંસાર પરિભ્રમણનો (સર્વથા) નાશ થાય. ૭૪.

જે ભાવથી શાતાવેદનીય કર્મ બંધાય, જગતમાં કીર્તિ મળે એવું કર્મ બંધાય તે બધો સંસાર છે. માટે સંસારના સ્વરૂપને જાણી સર્વ પ્રકારથી ઉદ્યમ કરી મોહને છોડ-કર્મ ટળે પછી ઉદ્યમી થા એમ કહ્યું નથી. તારો પુરુષાર્થ તારા હાથમાં છે. પાંચ પ્રકારના પરાવર્તનરૂપ ભાવ તારા સ્વભાવમાં નથી, માટે તારા સ્વભાવનું અવલંબન લે ને તેનું ચિંતવન કર. તેમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે આવી જાય છે. તે એક જ સંસારના પરિભ્રમણના નાશનો ઉપાય છે. આત્મા જાણનાર-દેખનાર છે, દેહાદિની ક્રિયાનો કર્તા નથી એમ સ્વભાવની એકાગ્રતા કરે તો સંસાર ઉત્પન્ન થતો નથી, તેણે સંસારનો નાશ કર્યો એમ કહેવામાં આવે છે. અહીં ઉદ્યમ કરીને કહ્યું છે. આત્મામાં વીર્ય નામનો ગુણ છે. જેમ સંસારની ચીજો મેળવવા પુરુષાર્થ કરે છે તે વીર્યની ઊંધી અવસ્થા છે. તે હવે દિશા બદલાવી પર પદાર્થો ને પુણ્ય-પાપની રુચિ છોડી તારા શાંત સ્વભાવમાં ઠરી જા તો સંસારનો નાશ થશે.

જે જીવ સંસારને આદરણીય માને છે તેને સ્વભાવ આદરણીય લાગતો નથી. અજ્ઞાનદશામાં પરિભ્રમણના અનંતવાર ભાવ કર્યા. હવે ચૈતન્યના શ્રદ્ધા-જ્ઞાન કર તો સંસારનો નાશ થશે.

પંચ પરાવર્તનમયી, દુઃખરૂપ સંસાર;
મિથ્યાકર્મ ઉદય થકી, ભરમે જીવ અપાર.

પાંચ પરાવર્તનમય સંસાર દુઃખમય છે, સ્વભાવનો પુરુષાર્થ કરતો નથી ને કર્મ તરફનું વલણ રાખે છે, તેથી જીવ સંસારમાં રખડે છે.

આ ભાવના છે. ગાથા-૯૭ પૃષ્ઠ ૫૧ માં કહ્યું છે કે ભલા તત્ત્વો અર્થાત્ જીવાદિ તત્ત્વો અને નિજસ્વરૂપનું ચિંતવન તે અનુપ્રેક્ષા અથવા ભાવના છે. સર્વજ્ઞે કહેલાં તત્ત્વો માટે સુતત્ત્વોનું, તેનું ભલા પ્રકારે ચિંતવન કરવું તે ભાવના છે.

"ઈતિ સંસારનુપ્રેક્ષા સમાપ્ત"

—*—

# અરિહંત ભગવાનને ઓળખનાર અરિહંતદશાને પ્રગટ કરે છે

[ શ્રી નિયમસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનમાંથી ]

અરિહંત ભગવાનનું સ્વરૂપ ઓળખાવે છે. અરિહંતદેવને ઓળખ્યા વિના "णमो अरिहंताणं" કહે તેથી કાંઈ ધર્મનો લાભ ન થાય. જેને અરિહંતના ગુણોની ઓળખાણ નથી, તેને પોતાનો આત્મા કેવો હોય તેનું પણ ભાન નથી, ભાન વગર સ્મરણ કરે તો શુભભાવથી પુણ્ય થાય, પણ ધર્મ ન થાય.

જે અરિહંત પરમાત્મા છે, તે પણ પહેલાં તો સંસારમાં હતા, પણ પછી આત્માનું ભાન કરીને અરિહંત થયા. આત્માનો સ્વભાવ ત્રિકાળ નિરાવરણ નિત્યાનંદ એકસ્વરૂપ કારણપરમાત્મા છે. એવા પોતાના આત્માની જ ભાવનાથી અરિહંત-દશા પ્રગટે છે, તેનું નામ કાર્યપરમાત્મા છે.

એકેક આત્મા ત્રિકાળ નિરાવરણકારણ પરમાત્મા છે. જેવો અરિહંતનો આત્મા છે તેવો જ મારો આત્મા શક્તિપણે છે, એવા પોતાના આત્માને ઓળખીને તેની ભાવના કરવી તે પરમાત્મદશા પ્રગટાવવાનો ઉપાય છે.

સર્વજ્ઞના જ્ઞાનમાં એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જણાય છે; જગતમાં તેનો કોઈ કર્તા નથી, બધા પદાર્થો અનાદિ અનંત સ્વયંસિદ્ધ છે. આત્માની પર્યાયમાં ક્ષણિક વિકાર છે તે મૂળ સ્વભાવ નથી. તે રહિત ત્રિકાળ એકરૂપ ધ્રુવ શક્તિનો ચૈતન્યપિંડ આત્મા છે તે કારણપરમાત્મા છે, તેનાં શ્રદ્ધા-જ્ઞાન અને એકાગ્રતા કરતાં પૂર્ણ પરમાત્મદશા પ્રગટી જાય છે; એવી દશા જેને પ્રગટી છે તે જ ભગવાન અર્હંત પરમાત્મા છે.

એક સમયમાં ત્રણકાળ ત્રણલોકને જાણવાની સર્વજ્ઞદશા પ્રગટી તે ક્યાંથી પ્રગટી? પર નિમિત્તમાંથી કે વિકારમાંથી તે દશા પ્રગટી નથી, અલ્પદશાનો અભાવ થયો તેમાંથી પણ સર્વજ્ઞદશા પ્રગટતી નથી. અંદરમાં પૂર્ણ શક્તિ ધ્રુવપણે પડી છે તેમાંથી જ સર્વજ્ઞદશા પ્રગટે છે. જેમ ચોસઠ પહોરી તીખાશ લીંડીપીપરમાં જ ભરી છે, તેમાંથી તે પ્રગટે છે, બહારના કોઈ કારણે તે પ્રગટતી નથી, તેમ ચૈતન્યમાં સર્વજ્ઞદશા પ્રગટે છે તે ક્યાંથી પ્રગટે છે? અંદર દરેક આત્મા ધ્રુવસ્વભાવી નિરપેક્ષ આનંદકંદ શક્તિથી ભરેલો છે, તે શક્તિની પ્રતીત કરીને તેમાં એકાગ્ર થતાં પરમાત્મદશા પ્રગટે છે. તે કાર્ય છે ને

તેનું કારણ આત્માનો નિત્યાનંદ સ્વભાવ છે તેને કારણ પરમાત્મા કહેવાય છે અરિહંતદશા પ્રગટી તે કાર્ય છે. તે કાર્યને ઓળખાવતાં તેનું કારણ પણ સાથે સાથે ઓળખાવ્યું છે. આ સિવાય બહારનું કારણ માને તો તેણે પરમાત્મદશાને ઓળખી ન કહેવાય.

જુઓ, આ જૈનદર્શન! જૈનદર્શન એ વસ્તુસ્વભાવનું દર્શન છે. જેવો વસ્તુ-સ્વભાવ છે તેવો સર્વજ્ઞે જાણ્યો, ને તેવો વાણીમાં કહેવાયો. જૈન સંપ્રદાય કોઈ સંપ્રદાય વાડો કે કલ્પના નથી આ તો સર્વજ્ઞનો માર્ગ છે. જેને ઇંદ્રો માને છે, ગણધરો આદરે છે, ચક્રવર્તીઓ સેવે છે, સંતો અનુભવે છે. અનાદિ અનંત આ માર્ગ છે. જે અનંત તીર્થંકરો થયા ને થશે તે બધાનો આ માર્ગ છે. અત્યારે પણ મહાવિદેહમાં ભગવાન શ્રી સીમંધર આદિ તીર્થંકરો બિરાજે છે તેઓ પણ આવા જ કારણપરમાત્માના આશ્રયે અર્હંતદશા પામ્યા છે. મહાવિદેહમાં ભગવાન બિરાજે છે. ૫૦૦ ધનુષનો દેહ છે, કેવળજ્ઞાન સહિત સમવસરણમાં બિરાજે છે, વાણીનો યોગ છે, તે ભગવાન કઈ રીતે કેવળજ્ઞાન પામ્યા તેની આ વાત છે. તે વાત ભગવાનને પૂછવા જવી પડે તેમ નથી, પણ અહીં પોતાના આત્મસ્વભાવને ઓળખતાં તેનો નિર્ણય થઈ જાય છે. નિજ કારણપરમાત્માને ઓળખીને તેની ભાવના કરવી તે જ કાર્યપરમાત્મા થવાનો ઉપાય છે.

વિકાર અને શરીરમાં સુખ કલ્પીને તેની ભાવના કરે છે તે સંસારનું કારણ છે, ને વિકાર તથા દેહાદિથી રહિત નિરપેક્ષ ધ્રુવ પરમાત્માની ભાવના કરવી તે કેવળ-જ્ઞાનનું કારણ છે. ચૈતન્યસ્વભાવની "ભાવના" તે મોક્ષમાર્ગ છે. 'ભાવના' એટલે સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે આવી જાય છે.

કાર્યપરમાત્મા તે અરિહંત ભગવાન છે. તેના કારણને ઓળખવું જોઈએ. કારણને ન ઓળખે તો કાર્યની ઓળખાણ પણ સાચી ન થાય. રાગને કારણે કેવળજ્ઞાન માને તો તેણે કેવળજ્ઞાનને ઓળખ્યું નથી. સર્વજ્ઞ ભગવાન પોતે નિજ કારણપરમાત્માની ભાવનાથી પરમાત્મા થયા, અને જગતને પણ એમ જાહેર કર્યું કે તમે પણ શક્તિપણે કારણ પરમાત્મા છો; તેનાં શ્રદ્ધા-જ્ઞાન કરીને તેમાં એકાગ્ર થાવ. કોઈ બહારના આશ્રયે તમારી પરમાત્મદશા નથી, પણ અંદર સ્વભાવના આશ્રયે જ પરમાત્મદશા ખીલે છે. જ્યાં શક્તિ પડી હોય ત્યાંથી પ્રગટે, બહારથી પ્રગટે નહિ આ જ વિધિથી ભગવાન પરમાત્મા થયા છે ને બીજાને પણ તે જ વિધિ બતાવ્યો. જેને પરમાત્મા થવું હોય તેઓ પોતાના આત્માને ઓળખીને તેમાં એકાગ્ર થાવ. એ સિવાય જન્મ મરણ ટળશે નહિ. ભગવાનને ઓળખતાં ભગવાન થવાની વિધિ શું તે પણ ઓળખાઈ જાય છે. જેઓ આવા કારણપરમાત્માની ભાવનારૂપ વિધિથી ભગવાન થયા તે જ ભગવાન અર્હંતદેવ છે, તેમને આકારાદિ હોતા નથી. આવા ભગવાન અર્હંતદેવના જે ગુણો છે તેવા ગુણો જેનામાં ન હોય, ને તેનાથી જે વિપરીત હોય તે બધા દેવાભાસ છે, કુદેવ છે, તેઓ ભલે દેવપણાના અભિમાનથી

બળતા હોય તોપણ તેઓ ખરેખર દેવ નથી, પણ સંસારી જ છે. તેઓએ કહેલો માર્ગ તે મોક્ષમાર્ગ નથી પણ ઉન્માર્ગ છે.

એક ક્ષણમાં આખો ચૈતન્યમૂર્તિ કારણપરમાત્મા છે તેને જે માનતા નથી, ને કાર્ય પ્રગટવા માટે બહારનું કાંઈ પણ કારણ કહે છે તે કહેનાર કોઈ દેવ નથી, તેમણે કહેલો માર્ગ તે મોક્ષમાર્ગ નથી પણ ઉન્માર્ગ છે. બ્રહ્મા, વિષ્ણુ, મહેશ કે બુદ્ધ વગેરે પોતાને દેવ તરીકે ભલે મનાવે અને દેવપણાના અભિમાનથી દગ્ધ હોય તોપણ તે બધા દેવ નથી, દેવાભાસ છે, સંસારી જ છે. એવા કુદેવાદિને માનવાથી તો મિથ્યાત્વ થાય છે. અહીં સર્વજ્ઞ ભગવાને કહ્યા તેવા ભગવાનને જે ન ઓળખે તેને વ્યવહાર શ્રદ્ધા પણ સાચી નથી.

એવી જ રીતે ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવે પ્રવચનસારની ગાથામાં કહ્યું છે કેઃ—

[ગાથાર્થ:] તેજ (ભામંડળ), દર્શન (કેવળદર્શન), જ્ઞાન (કેવળજ્ઞાન), ઋદ્ધિ (સમવસરણાદિ વિભૂતિ), સૌખ્ય (અનંત અતીન્દ્રિયસુખ), (ઇન્દ્રાદિક પણ દાસપણે વર્તે એવું) ઐશ્વર્ય, અને (ત્રણલોકના અધિપતિઓના વલ્લભ હોવારૂપ) ત્રિભુવન પ્રધાન વલ્લભપણું—આવું જેમનું મહાત્મ્ય છે, તે અર્હંત છે.

આ ગાથા જયસેનાચાર્યદેવની ટીકામાં છે. તેમાં અર્હંતદેવ કેવા હોય તે ઓળખાવે છે. પોતે ભલે હજી પરમાત્મા ન થયા હોય પણ પરમાત્મા કેવા હોય તેની ઓળખાણ તો થાય ને? જેમ નિર્ધન માણસ હોય તોપણ તે રાજાની પરીક્ષા કરીને તેને ઓળખી તો શકે ને? તેમ પરમાત્મા થયા પહેલાં અલ્પજ્ઞ પ્રાણી પણ સર્વજ્ઞ પરમાત્માની પરીક્ષા કરીને ઓળખાણ કરી શકે છે. માટે પરીક્ષા કરીને ઓળખવું જોઈએ કે સર્વજ્ઞદશા પામેલા પરમાત્મા કેવા હોય, ને તેનાથી વિરુદ્ધ કોણ છે? ભગવાન સર્વજ્ઞદેવે છ દ્રવ્યો જાણ્યાં અને કહ્યાં, તેમાં આત્માની પરમાત્મ-દશાનું કારણ કોણ? તો કહ્યું કે પોતાનો જે પરમ ચૈતન્ય સ્વભાવ ધ્રુવ કારણ પરમાત્મા છે તેની ભાવના જ પરમાત્મદશાનું કારણ છે.

પરમાત્મદશા પ્રગટી હોય તેનું શરીર એકદમ સુંદર-રૂપાળું, સ્ફટિક જેવું હોય છે, તેમને ભામંડળ એટલે તેજ હોય છે. આ તો પુણ્યનું ફળ છે.

વળી તે અર્હંત પરમાત્માને કેવળદર્શન અને કેવળજ્ઞાન છે. સમવસરણાદિ ઋદ્ધિ હોય છે. ભગવાન પોતે તો વીતરાગ છે, પણ ઇન્દ્રો અને દેવો આવીને સમવસરણની અદ્ભૂત રચના કરે છે, જેમાં રત્નના ગઢ હોય છે, સોનાના મોટા માનસ્તંભ હોય છે. ધર્મ સભામાં દેવો મનુષ્યો, સર્પો, સિંહ-વાઘ ને દેડકાં વગેરે લાખો કરોડો જીવો સાંભળવા આવે છે. ભગવાન એવા સમવસરણમાં બિરાજે છે.

ભગવાન કોઈના ઘરમાં ન ઊતરે, પરમાત્મદશા થઈ ત્યાં બહારમાં પણ આવો યોગ તીર્થંકરને હોય છે. વળી ભગવાનને આત્માના સ્વભાવની ભાવનાથી ઉત્પન્ન થયેલું અતીન્દ્રિય પરમ સુખ હોય છે.

ઇન્દ્ર વગેરે પણ ભગવાનના દાસપણે વર્તે છે. ભગવાનની પ્રભુતા પાસે ઇન્દ્ર પણ નમ્ર થઈને ઝૂકી પડે છે. હે નાથ! અમે તો તારા કિંકર છીએ, તારા દાસ છીએ. આવું ભગવાનનું ઐશ્વર્ય છે. ત્રણલોકના અધિપતિઓના ભગવાન વલ્લભ છે. આવા મહિમાવાળા અર્હંત પરમાત્મા છે. આવા અર્હંતને ઓળખતાં ને તેમણે કહેલાં આત્માનું ભાન કરતાં પાપનો નાશ થઈ જાય છે. પણ ભગવાન કાંઈ કોઈના પાપને હરતા નથી.

ત્રણલોકના જે નાથ છે એવા ઇન્દ્રો–ચક્રવર્તી વગેરેને પણ આવા સર્વજ્ઞ ભગવાન વહાલા છે. ઊર્ધ્વલોકના સ્વામી એવા ઇન્દ્ર પણ ભગવાનને ભક્તિપૂર્વક ચાહે છે. હે નાથ! તારી પ્રભુતા પાસે અમે તો પામર છીએ. આવી ભગવાનની પ્રભુતા છે. આવા ભગવાનને ઓળખે નહિ ને જેને–તેને માનીને માથાં ઝૂકાવે તો કાંઈ કલ્યાણ થાય તેમ નથી. સમ્યગ્દષ્ટિ જૈન આવા સર્વજ્ઞ પરમાત્મા સિવાય બીજા કોઈને પગે ન લાગે. જેને આવી સર્વજ્ઞદશા નથી ને જે દોષ સહિત છે તે તો દેવાભાસ છે. એવા દેવાભસને માને તે તો વ્યવહારે પણ જૈન નથી.

વળી એ જ રીતે આચાર્યદેવ શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ આત્મખ્યાતિના ૨૪ માં શ્લોકમાં–કળશમાં કહ્યું છે કે:—

[ શ્લોકાર્થ :— ] જેઓ કાન્તિથી દશે દિશાઓને ધુએ છે-નિર્મળ કરે છે, જેઓ તેજ વડે અત્યંત તેજસ્વી સૂર્યાદિકના તેજને ઢાંકી દે છે, જેઓ રૂપથી જનોનાં મન હરી લે છે, જેઓ દિવ્ય ધ્વનિ વડે ( ભવ્યોના ) કાનોમાં જાણે કે સાક્ષાત્ અમૃત વરસાવતા હોય એવું સુખ ઉત્પન્ન કરે છે અને જેઓ એક હજાર ને આઠ લક્ષણોને ધારણ કરે છે, તે તીર્થંકર સૂરિઓ વંદ્ય છે.

ભગવાન અર્હંત પરમાત્માનો દેહ એવો તેજસ્વી હોય કે દશે દિશાઓ ઉજ્જવળ હોય હજારો ચંદ્ર–સૂર્ય જેવો પ્રકાશ પડતો હોય, મધ્ય રાત્રે પણ દેહમાંથી સૂર્ય–ચંદ્ર જેવો પ્રકાશ છૂટતો હોય એટલે ત્યાં અંધારું ન હોય. અંદર જ્યાં કેવળજ્ઞાનનો દિવ્ય પ્રકાશ પ્રગટ્યો ત્યાં દેહ પણ અત્યંત તેજસ્વી થઈ જાય છે. તે દેહમાં જોનાર પોતાના આગલા–પાછલા સાત ભવોને ભાળે. ભગવાનના દેહનું તેજ સૂર્ય–ચંદ્રથી અધિક છે. તેના ચૈતન્યની તો વાત શું કરવી? પણ તેમના દેહનું રૂપ પણ જનોના મનને હરી લે છે. ઊંચા હીરાની ડાબલી પણ ઊંચી હોય, તેમ ભગવાનનો દેહ જન્મે ત્યારથી જ એવો રૂપવાળો હોય કે ઇંદ્રને પણ તેને નીરખતાં તૃપ્તિ ન થાય, ને

કેવળજ્ઞાન થતાં તો તે દેહ પરમ ઔદારિક–સ્ફટિક જેવો થઈ જાય છે, જે જોતાં જ જનોનાં મન હરાઈ જાય છે. વળી ભગવાનને એવો દિવ્ય ધ્વનિ છૂટે છે કે સાંભળનારને કાનમાં જાણે અમૃત રેડાતું હોય તેવું સુખ ઉત્પન્ન કરે છે. ભગવાનના સમવસરણમાં ભવ્ય જીવો જ હોય છે, અભવ્ય જીવો આત્માથી તો દૂર પણ ભગવાનની વાણીથીયે તે દૂર છે. અભવ્યને ભગવાનની વાણી સાંભળવાનો યોગ હોય નહિ. ભગવાનની વાણી સાંભળતાં તેની મીઠાશમાં ભવ્ય જીવો એવા લીન થઈ જાય છે કે ઉંદર ને બિલાડી એકબીજાનું વેર ભૂલી જાય છે, સિંહ ને હરણ સાથે બેસીને સાંભળે, છતાં કોઈને કોઈનો ભય હોતો નથી. એવી તે જીવોની લાયકાત છે, ને ભગવાનનો તેવો દિવ્ય ધ્વનિ હોય છે. વળી ભગવાનના દેહમાં એક હજાર ને આઠ સુંદર લક્ષણો હોય છે. આવા તીર્થંકર સૂરિઓ વંદ્ય છે.

હવે સાતમી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રીપદ્મપ્રભમલધારિદેવ શ્લોક દ્વારા શ્રી નેમિનાથ તીર્થંકરની સ્તુતિ કરે છે :—

[ શ્લોકાર્થ :— ] જેમ કમળની અંદર ભ્રમર સમાઈ જાય છે તેમ જેમના જ્ઞાનકમળનાં આ જગત તેમ જ અજગત (–લોક તેમ જ અલોક) સદા સ્પષ્ટપણે સમાઈ જાય છે– જણાય છે, તે નેમિનાથ તીર્થંકર ભગવાનને હું ખરેખર પૂજું છું કે જેથી ઊંચા તરંગોવાળા સમુદ્રને પણ (–દુસ્તર સંસાર સમુદ્રને પણ) બે ભુજાઓથી તરી જાઉં. ૧૪.

ટીકાકાર મુનિ પોતે મહા બ્રહ્મચારી છે ને બાળ બ્રહ્મચારી નેમિનાથ ભગવાનની સ્તુતિ કરે છે :—

ભગવાનને અંતર સ્વભાવની શક્તિમાંથી જ્યાં જ્ઞાન વિકસ્યું, તેમાં લોકાલોક જણાઈ જાય છે. જેમ ભમરો કમળમાં સમાઈ જાય છે, એટલે કમળ મોટું ને ભમરો નાનો, તેમ જ્ઞાનકમળમાં લોકલોક પ્રત્યક્ષપણે સમાઈ જાય છે એટલે કે જ્ઞાન સામર્થ્ય મોટું ને લોકાલોક નાના છે. આવું ભગવાનનું કેવળજ્ઞાન છે; તે ક્યાંથી આવ્યું? આત્માની શક્તિમાંથી જ આવ્યું છે. તેવી જ પોતાના આત્માની શક્તિ છે. તેનો વિશ્વાસ કરીને એકાગ્ર થાય તો પરમાત્મદશા પ્રગટે.

અહો! જેમણે પોતાના જ્ઞાનકમળમાં લોકાલોકને પ્રત્યક્ષ જાણી લીધા છે તેવા શ્રી નેમિનાથ ભગવાનને હું નમું છું, કે જેથી ઊંચા તરંગોવાળા આ સમુદ્રને પણ મારી બે ભુજાઓથી હું તરી જાઉં. ગમે તેવા વિકલ્પોના તરંગ ઊઠે તેને મારા સ્વભાવની શ્રદ્ધાને એકાગ્રતાના બળે હું તરી જાઉં ને પૂર્ણ પરમાત્મદશા પ્રગટ કરું.

આ રીતે અરિહંત ભગવાનને ઓળખાવીને તેમને નમસ્કાર કર્યા.

—✻—

(ક્રમશઃ)

## સુવર્ણપુરી સમાચાર:—

* અધ્યાત્મતીર્થધામ સુવર્ણપુરીનું મંગળમય વાતાવરણ હમણાં આનન્દથી પ્રફુલ્લિત થઈ ગયું છે. 'પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી સ્મારક યોજના' અન્તર્ગત નવનિર્મિત ભવ્ય 'શ્રી પંચમેરુ–નંદીશ્વર–જિનાલય'ના જિનબિમ્બોની પંચકલ્યાણક પુરઃસર પાવન પ્રતિષ્ઠાની તૈયારીમાં આબાળ–વૃદ્ધ બધા જોડાઈ ગયા છે. ઉત્સવને સુચારરૂપે સમ્પન્ન કરવા માટે વિવિધ ઉપસમિતિઓ બનાવી છે. કાર્યની ગતિવિધિની સમાલોચનાર્થે ઉપસમિતિઓની મીટીંગ પણ બોલાવવામાં આવે છે. આ પ્રકારની બીજી મીટીંગ પાંચમી અને છઠ્ઠી જાન્યુઆરીના રોજ મળશે. બધા મુમુક્ષુઓને આ જિનેન્દ્ર–મહિમા–મહોત્સવને પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રત્યક્ષ ઉપસ્થિતિવત્ ગૌરવપૂર્ણ અતિ ભવ્યતાથી ઉજવવાનો આનન્દોલ્લાસ વર્તી રહ્યો છે.

* શ્રી પંચમેરુ નંદીશ્વર જિનાલયના સંગેમરમર નિર્મિત પર્વત, મંદિર આદિ બનીને મકરાણાથી આવી રહ્યા છે, સામાનના બે ટ્રક આવી ગયા છે. જયપુરથી જિનપ્રતિમા પણ જલ્દી આવી જશે.

* પરમ પૂજ્ય ગુરુદેવની તીર્થભૂમિમાં આ પ્રતિષ્ઠા મહોત્સવમાં હિન્દીભાષી મેહમાનપણ ઘણી સંખ્યામાં પધારશે તથા તેમને અનુકુળ અલગ ભોજન–વ્યવસ્થા થશે. ત્યાગીઓ માટે અલગ શુદ્ધભોજનવ્યવસ્થા કરવામાં આવશે.

* પ્રતિષ્ઠા મહોત્સવની નિમંત્રણ–પત્રિકા તૈયાર થઈ રહી છે. મુદ્રિત થયા બાદ દરેક મુમુક્ષુને મોકલવામાં આવશે.

* નિમંત્રણ–પત્રિકા લખવાની, મોકલાની તથા પ્રતિષ્ઠા વેદીનાં નિર્માણ આરંભની મંગલવિધિ માહ સુદ ૩, બુધવાર, તા. ૨૩–૧–૮૫ના શુભદિવસે પ્રાતઃરાખવામાં આવી છે.

* ઇન્દ્ર–ઇન્દ્રાણી, કુબેર આદિની બોલી પ્રતિષ્ઠા–મહોત્સવના પહેલાં દિવસે ફાગણ સુદ ૧, બુધાવાર તા. ૨૦–૨–૮૫ના શુભ દિવસે બોલવામાં આવશે.

* શ્રી સીમંધરસ્વામી દિગમ્બર જિન મન્દિરના વાર્ષિક પ્રતિષ્ઠોત્સવ નિમિત્તે તા. ૧૪–૨–૮૫ થી ૧૯–૨–૮૫ શ્રી વીસ વિહરમાન જિનમંડળ વિધાન પૂજા કરવામાં આવશે.

* પોષ વદ ૧૪ રવિવાર તા. ૨૦–૧–૮૫ ના રોજ શ્રી ઋષભ નિર્વાણ કલ્યાણકના દિને વિશેષ પૂજન ભક્તિ રાખવામાં આવશે.

* મુમુક્ષુ મેહમાન તથા હિન્દીભાષી દિ. જૈન યાત્રિયો બસ તથા મેટાડોરથી આવતા રહે છે. હિન્દીભાષીઓની પ્રાર્થનાવશ પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના હિન્દી ભાષામાં ટેપ-પ્રવચન સંભળાવવામાં આવે છે.

* ફાગણ સુદ અષ્ટમીથી પુનમ સુધી શ્રી નંદીશ્વર જિનાલયમાં અષ્ટાન્હિકામહાપર્વ પૂજા આનંદોલ્લાસ પૂર્વક કરવામાં આવશે.

* પરમ પૂજ્ય પરમોપકારી ગુરુદેવશ્રીના પ્રવચનોનો તેમ જ પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચાનો વિડિયો દ્વારા ઘાટકોપર–મુંબઈના જિજ્ઞાસુ મુમુક્ષુઓ લાભ લઈ શકે તે હેતુએ રૂ. ૨૫૦૦૦/–નો કલર ટી. વી. તથા વિડિયો શ્રી ભોગીલાલ ચત્રભુજ દોશી પરિવાર તરફથી શ્રી ઘાટકોપર દિ. જૈન મુમુક્ષુ મંડળને ભેટ આપવામાં આવેલ છે.

"અહો! જયવંત વર્તો પંચકલ્યાણક જિનબિમ્બ-મહોત્સવ તથા પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનો પ્રભાવના ઉદય." —૦—

## વૈરાગ્ય સમાચાર :—

* નાઈરોબીનિવાસી શ્રી દેવરાજભાઈ જીવરાજભાઈ શાહ (વર્ષ–૬૯) લંડન મુકામે તા. ૧–૧૨–૮૪ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેમને દેવ–ગુરુ–ધર્મ પ્રત્યે તેમ જ પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે અત્યંત શ્રદ્ધા–ભક્તિ હતા.

* ઝરીઆનિવાસી શ્રી અમૃતલાલભાઈ કાળીદાસભાઈ મહેતા (પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી જેમને 'દેવાનુપ્રિયા' તથા 'પ્રશ્નનારદ' તરીકે સંબોધતા હતા તે) તા. ૯–૧૧–૮૪ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. ઘણા વર્ષો સુધી સોનગઢ રહીને તેમણે પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની ભવનાશિની અધ્યાત્મ–અમૃત–વાણીનો ઘણો લાભ લીધો હતો.

* મુરવીજાપુરનિવાસી શ્રી હંસાબેન ધનજીભાઈ કચ્છી (વર્ષ–૮૦) તા. ૪–૧૦–૮૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* ઉજ્જૈનનિવાસી શ્રીમતી માણિકપ્રભા રખબદાસજી પાટની (વર્ષ–૮૧) તા. ૨૯–૯–૮૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* વિરમગામનિવાસી શ્રી પૂરીબેન વખતચંદ શાહ (વર્ષ ૮૩) તા. ૨૦–૧૦–૮૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* બ્રહ્મચારી લલિતાબેન ધરમશીભાઈ મણીયાર તા. ૮–૧૧–૮૪ના રોજ વઢવાણ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે, તેમણે ઘણા વર્ષો સુધી ગોગીદેવી બ્રહ્મચર્યાશ્રમમાં રહીને પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના આત્મકલ્યાણકારી પ્રવચનોનો લાભ લીધો હતો.

* સુરેન્દ્રનગરનિવાસી [હાલ અમદાવાદ] શ્રી વૃજલાલ જીવણલાલ શેઠ (વર્ષ ૭૩) [ તે બ્રહ્મચારી ઉષાબેનના પિતાશ્રી ] તા. ૪–૧૨–૮૪ ના રોજ છેવટ સુધી જાગૃતિપૂર્વક સ્વર્ગવાસ પામ્યા છે.

—સદ્દગત આત્માઓને વીતરાગ દેવ–ગુરુ–ધર્મ પ્રત્યે અત્યંત ભક્તિભાવ હતો; વારંવાર સોનગઢ આવીને આત્મકલ્યાણની ભાવના પુષ્ટ કરતાં હતાં. પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની અસીમ કૃપા વડે પ્રાપ્ત આત્મસંસ્કારબળે તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના. —૦—

( પ્રતિષ્ઠા મહોત્સવ...પેજ નં. ૨ થી ચાલુ )

જિનેશ—હા, મમ્મી આજે સવારે જ, પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના અદ્‌ભૂત પ્રવચનો તેમ જ પૂજ્ય ભગવતીમાતા બહેનશ્રી ચંપાબેનનાં દર્શન-વાણીનો લાભ લઈને સોનગઢથી આવ્યા. તે સમાચાર લાવ્યા છે કે-માહ સુદ ૩, બુધવાર, તા. ૨૩-૧-૮૫ ના શુભ દિને સવારે આ ભવ્ય મહોત્સવની નિમંત્રણપત્રિકા લખવાનું તથા પ્રતિષ્ઠા-વેદી નિર્માણનું મંગળમુહૂર્ત રાખવામાં આવ્યું છે. આ શુભ પ્રસંગે પધારવા માટે સર્વ મુમુક્ષુ ભક્તોને સાદર આમંત્રણ છે.

યોગેશ—જિનેશ! ઇંદ્રો તથા કુબેર વગેરેની ઉછામણી ક્યારે બોલાશે?

જિનેશ—મહોત્સવના પહેલે દિવસે—ફાગણ સુદ ૧, બુધવાર, તા. ૨૦-૨-૮૫ ના શુભ દિને—સવારે ઈંદ્રો તથા કુબેર વગેરેની ઉછામણી બોલવામાં આવશે.

યોગેશ—અહા ધન્ય ભાગ્ય! ઇંદ્ર બનીને ભવાન્તકારી તીર્થંકર ભગવાનના પંચકલ્યાણક મહોત્સવનો આવો અનુપમ લાભ,—તે પણ પરમ પૂજ્ય ગુરુદેવની સાધનાભૂમિમાં અને જ્ઞાની ધર્માત્મા પૂજ્ય બહેનશ્રીની આનંદવર્ષિની છત્રછાયામાં—ક્યાંથી મળે? હું પપ્પાને તથા મમ્મીને ઇન્દ્ર-ઇન્દ્રાણી થવા આગ્રહપૂર્વક વિનંતી કરીશ.

જિનેશ—હા મારા પપ્પાજી તેમ જ મમ્મીએ ઇંદ્ર-ઇંદ્રાણી થઈને આ અનુપમ અવસરનો લાભ લેવાનો પહેલેથી જ નિર્ણય કરી લીધો છે.

અહા! ધન્ય તે આનંદ-મહોત્સવ! આપણે જરૂર સોનગઢ જઈશું.

કલ્યાણકાલ પ્રત્યક્ષ પ્રભુકો, લખેં જે સુર-નર ઘને;
તિહ સમયકી આનંદ-મહિમા, કહત કયોં મુખસો બને.

---

પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને હીરાથી વધાવવાનો લાભ મળ્યો તેની ખુશાલીમાં

રૂા. ૫૦૦૫-૦૦ શ્રી ભગવાનજી કચરાભાઈના પરિવાર (મોમ્બાસા) તરફથી
હસ્તે શ્રી ભીમજીભાઈ ભગવાનજીભાઈ

રૂા. ૫૦૦૧-૦૦ શ્રી શાંતિલાલ દલીચંદભાઈના પરિવાર (કલકત્તા) તરફથી
[ સ્વ. જયાબેન શાંતિલાલના સ્મરણાર્થે ]

શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટના વિવિધ દાન ખાતાઓ માટે જાહેર કરવામાં આવ્યા છે.

## ✻ આગમ–મહાસાગરનાં અણમૂલાં રત્નો ✻

(૧) હે સાધુ! જેમણે દેશોન્યૂન કોટીપૂર્વ સુધી ચારિત્રનું પાલન કર્યું છે એવા મુનિ પણ મરણ સમયે પૂર્વ જન્મના કરેલા પાપના તીવ્ર ઉદયથી રત્નત્રયથી ચ્યુત થાય છે માટે તેં ભલે રત્નત્રયનું આજ સુધી નિરઅતિચાર પાલન કર્યું છે તોપણ આગળ મરણ સમયે તીવ્ર પાપોદયથી રત્નત્રયથી ભ્રષ્ટ થવાની સંભાવના છે એમ જાણ. [માટે મરણ સમયે અત્યંત સાવધાન રહેજે.] (શ્રી કુંદકુંદ આચાર્ય, મૂલાચાર–બૃહપ્રત્યાખ્યાન, ગાથા–૮૦)

(૨) હે જિન! આપના મતમાં કેવળ અંતરંગ કારણ જ કાર્યસિદ્ધિ માટે પર્યાપ્ત છે. જેનું મૂળ કારણ અંતરંગ છે એવા ગુણ-દોષની ઉત્પત્તિમાં બાહ્ય પદાર્થ નિમિત્ત છે તે વાત મોક્ષમાર્ગ પર આરૂઢ જીવોને માટે ગૌણ છે.

(શ્રી સમંતભદ્રાચાર્ય, સ્વયંભૂસ્તોત્ર, શ્લોક–૫૯)

(૩) મનમંદિર ઉજ્જડ થતાં તેમાં કોઈ પણ સંકલ્પ–વિકલ્પનો વાસ ન રહેતાં અને સમસ્ત ઇન્દ્રિયોનો વ્યાપાર નષ્ટ થઈ જતાં આત્માનો સ્વભાવ અવશ્ય પ્રગટ થાય છે અને તે સ્વભાવ પ્રગટ થતાં આ આત્મા જ પરમાત્મા બની જાય છે.

(શ્રી દેવસેન આચાર્ય, આરાધના સાર, ગાથા–૮૪)

(૪) જેના દ્વારા અતિશય ચંચળ મનને નિયમિત કરવામાં આવે છે, પૂર્વે ઉપાર્જિત કર્મનો નાશ કરવામાં આવે છે તથા જેના દ્વારા સંસારના કારણભૂત આસ્રવને રોકવામાં આવે છે, તે પૂજનીય જિનવાણીનું ઉત્તમ પ્રકારે અધ્યયન કરવું તેને સ્વાધ્યાયતપ કહેવામાં આવે છે.

(શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિત રત્નસંદોહ, શ્લોક-૩૯૦)

(૫) જો કે મન આગમની સહાયથી વિશુદ્ધ પરમાત્માનું સ્વરૂપ જાણીને જ તેનો સ્વીકાર કરે છે તોપણ આત્મતત્ત્વ વાસ્તવમાં તે મનનો વિષય નથી.

[પદ્મનંદિ-પંચવિંશતિ, નિશ્ચય-પંચાશત, શ્લોક–૪૪]

Licence No. 3 'Licensed to post without ... nt'

To,

૧૯૫૪ ∆ શ્રી ગુણવંતીબેન પાનાચંદભાઈ ઝવેરી

સોનગઢ

If undelivered please return to

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,

સોનગઢ (કાનજીસ્વામીનું) પીન : ૩૬૪૨૫૦

સંપાદક : નાગરદાસ બી. મોદી, સોનગઢ તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ

મુદ્રક : સુમતિ પ્રિન્ટીંગ પ્રેસ, સોનગઢ (કાનજીસ્વામીનું) PIN : 364 250

પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (કાનજીસ્વામીનું) 364 250